SATURDAY
૨૩-૦૧-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, પોષ સુદ ૧૦
અંક : ૯૩
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને સમગ્ર ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડિટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### કેશુભાઈ પટેલ દ્વારા શરૂ કરાયેલ આર.આર. સેલ રૂપાણી રાજમાં નિરસ્ત

# આર.આર. સેલ નાબૂદ : એસ.પી.ની સત્તા વધશે

**અમદાવાદ રેન્જના આર.આર.સેલના જમાદારને ૫૦ લાખના તોડમાં પકડાતા નિર્ણય**

(જી.એન.એસ)ગાંધીનગર,તા.૨૨

મુખ્યમંત્રી રૂપાણીએ મોટી જાહેરાત કરતા રાજ્યમાં ૧૯૯૫થી ચાલુ આર.આર.સેલને નાબુદ કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું. ગુજરાતમાં દરેક રેન્જમાં આર.આર.સેલ કાર્યરત હતો. આર.આર.સેલનું વિસર્જન થતાં તેના ફાજલ પોલીસમેનો જુદા જુદા જિલ્લામાં ફળવવામાં આવશે. તેમજ દરેક જિલ્લાના એસ.પી.ને વધુ કાયદાકીય તાકાત આપવામાં આવશે.

રાજ્યમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ અંગે મુખ્યમંત્રી વિજય રૂપાણી, ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા, ACBના વડા કેશવ કુમાર અને DGP આશીષ ભાટિયાએ પત્રકાર પરીષદ કરી હતી. ગુજરાતમાં છેલ્લા થોડા દિવસોથી ACB દ્વારા સપાટો બોલાવામાં આવ્યો છે. રાજ્યમાં લાંચિયા સરકારી કર્મચારીઓ વિરુદ્ધ ઝૂંબેશ ચલાવવામાં આવી રહી છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા એન્ટિ કરપ્શન બ્યૂરોને આવા તત્વોને ઝડપી પાડવા માટે છૂટો દોર આપવામાં આવ્યો છે. એસીબીના વડા કેશવકુમાર અને રાજ્યના મુખ્યમંત્રી રૂપાણીએ આ અંગે એક પ્રેસ કૉન્ફરન્સ સંબોધી છે અને તેના વિશે માહિતી આપી છે. સરકાર દ્વારા કરપ્શન અંગે જે રેપિડ કાર્યવાહી કરવામાં આવી રહી છે તે અંગે આજે રૂપાણી સરકારની કામગીરીને બિરાદવતો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો.



રાજ્ય સરકારની કામગીરીનાં આંકડા જાહેર કરતા તેમણે ACBની કામગીરી વિશે ડાયરેક્ટર કેશવકુમારે વિગતો આપતા જણાવ્યું કે ૨૦૨૧માં ૩૩ કરોડની અપ્રમાણસરની મિલ્કતોનાં કેસ કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૦માં ૫૦ કરોડનાં કેસ કરવામાં આવ્યા હતા. સરકારે તપાસ માટે ખુલ્લો દોર આપતા હજુ કેસની સંખ્યામાં વધારો થશે. કેશવકુમારે આંકડાકીય માહિતી આપતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૬માં ૨૫૮ કેસ, ૨૦૧૭માં ૧૪૮, ૨૦૧૮માં ૩૩૨, ૨૦૧૯માં ૨૫૫, ૨૦૨૦માં ૧૯૯ કરપ્શનના કેસ કરવામાં આવ્યા છે. ૨૦૧૬માં ૪૩૩ વ્યક્તિ, ૨૦૧૭માં ૨૧૩, ૨૦૧૮માં ૭૩૦, ૨૦૧૯માં ૪૭૦, ૨૦૨૦માં ૩૧૦ લાંચિયા વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. ગૃહ વિભાગ દ્વારા વિવિધ આંકડાઓ જાહેર કરતા જણાવવામાં આવ્યું હતું કે ૯૦ બુટલેગરની ધરપકડ કરી લેવામાં આવી છે તો જાતીય સતામણીનાં કેસમાં પણ ગુના દાખલ કરવામાં આવ્યા છે. કોંગ્રેસનાં શાસનમાં જે રંજાડ હતી તે દુર કરવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થા કડક કરી દેવામાં આવી છે. લેન્ડ ગ્રેબીંગ મુદ્દે પણ કાયદો બનાવવામાં આવ્યો છે. સરકારે ફ્રી હેન્ડ કામ કરી શકાય તે માટે મોકો આપ્યો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે ૧૯૯૫થી ચાલતી આરઆરસેલ નાબૂદ કરવામાં આવી છે. હવે ટૂંક સમયમાં પોલીસના બોડી પર કેમેરો લાગશે તેની સમગ્ર કાર્યવાહી કોઈ ત્રીજી વ્યક્તિ નિહાળે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

## તારીખ પે તારીખ : ૧૧મી બેઠક પણ અનિર્ણિત

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૨

કેન્દ્ર સરકારના ત્રણ નવા કૃષિ કાનૂનો મુદ્દે શરુ થયેલા ખેડૂતોના વિરોધનો કોઇ નિવેડો નથી આવની રહ્યો. છેલ્લા બે મહિના જેટલા સમયથી હજારોની સંખ્યામાં ખેડૂતો રાજધાની દિલ્હીની બોર્ડર પર ખેડૂતો પ્રદર્શન કરી રહ્યા છે. ત્યારે આ મુદ્દે સામાધાન માટે સરકાર ને ખેડૂતો વચ્ચે મળેલી ૧૧મી બેઠક પણ નિષ્ફળ રહી છે. આ પહેલા સરકાર અને ખેડૂતો વચ્ચે ૧૦ બેઠકો યોજાઇ ચુકી છે, જેમાં કોઇ સામાધાન મળ્યું નથી. શુક્રવારે દિલ્હીના વિજ્ઞાન ભવનની અંદર ખેડૂત સંગઠનના પ્રતિનિધિઓ અને સરકાર વચ્ચે ૧૧મી બેઠક મળી હતી. સરકાર તરફથી નરેન્દ્ર સિંહ તોમર અને પિયુષ ગોયલે ખેડૂતો સાથે ચર્ચા કરી હતી. જો કે આ ચર્ચાનું કોઇ પરિણામ મળ્યું નથી. આગલી બેઠકની માફક આ બેઠક પણ નિષ્ફળ રહી છે. આ પહેલાની બેઠકમાં સરકારે ખેડૂતો સમક્ષ કૃષિ કાયદાઓ ઉપર અસ્થાયી રોક લગાવવાનો પ્રસ્તાવ મુક્યે હતો.

સરકારે ખેડૂતો સમક્ષ પ્રસ્તાવ મુક્યો હતો કે દોઢ વર્ષ સુધી કૃષિ કાયદાને સ્થગિત કરવામાં આવે અને સરકાર તેમજ ખેડૂતોની સંયુક્ત કમિટિ આ અંગે ચર્ચા કરે. ત્યારે ખેડૂતોએ આ પ્રસ્તાવને પણ નકારી કાઢ્યો છે અને કાયદા પરત લેવાની પોતાની માંગ પર અડગ રહ્યા છે. તો સામેની તરફ સરકાર પણ કૃષિ કાયદામાં સંશોધન પર અડગ છે, કાયદાને પરત લેવા માટે તૈયાર નથી. બેઠક પુરી થયા બાદ સરકાર હવે કડક વલણમાં દેખાઇ રહી છે. કૃષિમંત્રી નરેન્દ્ર સિંહ તોમરે કહ્યું કે તમારા સન્માનમાં અમે તમને પ્રસ્તાવ આપ્યો હતો, પરંતુ તમે નિર્ણય ના કરી શક્યા. જો તમે કોઇ નિર્ણય કરો તો અમને જણાવજો. આગળની કોઇ તારીખ નક્કી નથી.

## રાજસ્થાનમાં ૧૪૦૦ કરોડની બેનામી સંપત્તિ જપ્ત કરતું ઈન્કમટેક્ષ વિભાગ

**રાજસ્થાનની અત્યાર સુધીની સૌથી માટી અને દેશની ત્રીજા નંબરની સૌથી મોટી રેડ**

(જી.એન.એસ)જયપુર,તા.૨૨

રાજસ્થાનના ૩ મોટા ઔદ્યોગિક જૂથો પર ઈન્કમટેક્સ વિભાગની કાર્યવાહીમાં કુલ ૧,૪૦૦ કરોડ રૂપિયાની બેનામી સંપત્તિનો ખુલાસો થયો છે. આ રાજસ્થાનની સૌથી મોટી અને દેશની ત્રીજી સૌથી મોટી ઈન્કમટેક્સ વિભાગની રેડ હોવાનું કહેવાય છે.

ઈક્રમટેક્સ વિભાગ દ્વારા આ કાર્યવાહી બે બિલ્ડર જૂથ અને એક જ્વેલરી ગ્રુપ પર કરવામાં આવી હતી. જેમાં એક બિલ્ડરના માનસરોવર સ્થિત કાર્યાલયના બેઝમેન્ટમાંથી મોટા પ્રમાણમાં લાલ રંગના પોટલા મળ્યા છે. જેમાં પ્રોપર્ટીમાં રોકાણની બેનામી સંપત્તિઓ ખરીદી સબંધી ડૉક્યુમેન્ટ્સ મળ્યા. બીજી તરફ એક જ્વેલર્સના ઘર પર દરોડા દરમિયાન ઈક્રમટેક્સ વિભાગને એક સુરંગ મળી આવી છે. જેમાં ૧૭ બોરીઓ ભરીને આર્ટ જ્વેલરી અને એન્ટિક વસ્તુઓ અને સંપત્તિની લેવડ-દેવડના ડોક્યુમેન્ટ્સ મળ્યાં છે. આ જ્વેલર્સની ૫૫૦ કરોડ રૂપિયાની બેનામી સંપત્તિનો ખુલાસો થયો છે.

આ સિવાય લગભગ સવા સો કરોડ રૂપિયાની લોન આપીને વ્યાજ તરીકે મોટી રકમની કમાણી કરવાની વાત સામે આવી છે. આ દરોડામાં જપ્ત કરવામાં આવેલી આઈટમ પર આલ્ફા-ન્યૂમેરિક સિક્રેટ કોડમાં ખરી વેચાણ કિંમત લખેલી હતી. હાલ ઈક્રમટેક્સ વિભાગની ટીમ કૉડને ક્રેક કરવાનું કામ કરી રહી છે. જ્યારે સુરંગમાંથી હાર્ડ ડિસ્ક અને પેન ડ્રાઈવ પણ મળી આવી છે.

**આસપાસના વિસ્તારમાં ભુકંપના આંચકા અનુભવાયા : અનેક ઘરોના કાચ તૂટ્યા**

## કર્ણાટકના શિવમોગામાં ડાયનામાઈટ બ્લાસ્ટ : ૮ના મોત

(જી.એન.એસ)બેંગ્લુરૂ,તા.૨૨

કર્ણાટકના શિવમોગામાં મોડીરાત્રે ડાયનામાઈટ બ્લાસ્ટમાં ૮ લોકોના મોત થયાના સમાચાર છે. કર્ણાટકના કેટલાક ભાગોમાં મોડી રાત્રે આંચકા અનુભવાયા હતા. બેંગલુરુથી લગભગ ૩૫૦ કિલોમીટર દૂર આવેલા શિવમોગામાં લોકોએ જોરથી અવાજ સાંભળવાની વાત કરી છે. આ ઘટના ૨૧ જાન્યુઆરીએ રાત્રે ૧૦.૨૦ વાગ્યે બની હતી. વિસ્ફોટ એટલો ઝડપી હતો કે ઘણા મકાનોના કાચ તૂટી ગયા હતા. લોકો અનુમાન લગાવી રહ્યા હતા કે આ અવાજ ભૂકંપ હોઈ શકે છે અથવા જેટના પરીક્ષણવી હોઈ શકે છે. પરંતુ હવે ખબર પડી છે કે તે ડાયનામાઈટ બ્લાસ્ટ હતો. આ બ્લાસ્ટ અંગે મુખ્યમંત્રી યેદિયુરપ્પાએ ઉચ્ચ તપાસના આદેશ આપ્યા છે અને દોષિતોને કડક સજા કરવાની વાત કરી છે.

ઘટના અંગે સોશિયલ મીડિયા પર પહેલેથી જ બ્લાસ્ટમાં કેટલાય લોકોના મોતના સમાચાર વહેતા થયા હતા. હવે શિવમોગાના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ શિવકુમારે કહ્યું છે કે હુનાસોડુ ગામમાં રેલ્વે ક્રશર સાઈટ પર થયેલો બ્લાસ્ટ ડાયનામાઈટનો હતો, જેમાં ઓછામાં ઓછા ૮ લોકોનાં મોત નીપજ્યાં છે. વિસ્ફોટ શિવમોગા શહેરથી આશરે ૬ કિ.મી.ના અંતરે થયો હતો. અત્યારે પોલીસ સ્થળ પર છે અને આખા વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો છે. પોલીસ ફોર્સ સ્થળ પર હાજર છે અને ઘટનાના કારણ અને ગંભીરતાની તપાસ કરવાના પ્રયાસો ચાલુ છે. વિસ્ફોટના અવાજ સાંભળીને લોકો ગભરાઈ ગયા હતા અને ઘરથી બહાર આવી ગયા અને શેરીઓમાં ભેગા થઈ ગયા. લોકો એક-બીજા સાથે વાત કરી રહ્યા હતા કે અવાજ શેનો છે. લોકો ભૂંકપ છે કે કંઈક બીજુ તેવા પણ સવાલો કરી રહ્યા હતા.



શિવમોગામાં થયેલો ડાયનામાઈટ બ્લાસ્ટ એટલો ભયાનક હતો કે, આસપાસના કેટલાય ઘરોના કાચ તૂટી ગયા હતા. એટલું જ નહીં, કેટલાય મકાનોના દિવાલમાં તિરાડો પડી ગઈ અને છત પણ ધરાશાયી થઈ ગઈ. જેની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે.




## પેટ્રોલના ભાવમાં મોટા ધડાકા : મુંબઈમાં ૯૨ તો રાજસ્થાનમાં ૯૮ની સપાટીએ

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૨૨

બે દિવસના વિરામ બાદ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફરી એક વખત વધારો થયો છે. રાજસ્થાનના શ્રીગંગાનગરમાં પેટ્રોલ હવે ૧૦૦ રૂ. લીટરથી માત્ર અઢી રૂ. દૂર થાય છે, તો મુંબઈ અને ઈન્દોરમાં પેટ્રોલનો ભાવ ૯૨ રૂ. ઉપર ચાલ્યો ગયો છે. આજે ડીઝલના ભાવમાં ૨૩ થી ૨૭ પૈસા તો પેટ્રોલમાં ૨૨ થી ૨૫ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં પેટ્રોલનો ભાવ ૮૫.૪૫ રૂ. અને ડીઝલનો ભાવ ૭૫.૬૩ થઈ ગયો છે. આ જ રીતે મુંબઈમાં પેટ્રોલ ૯૨.૦૪ રૂ. અને ડીઝલ ૮૨.૪૦ રૂ. લીટર થયુ છે. ચેન્નઈમાં પેટ્રોલના ૮૮.૦૭ રૂ. તો ડીઝલ ૮૦.૯૦ રૂ. થયુ છે. કોલકતામાં પેટ્રોલનો ભાવ ૮૬.૮૭ રૂ. અને ડીઝલ ૭૯.૨૩ રૂ. થયા છે. પેટ્રોલ અને ડીઝલના ભાવ તેના સૌથી ઉચ્ચત્તમ શિખરે પહોંચી ગયા છે. જો કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવમાં નરમાશ જોવા મળી છે અને ક્રૂડ ૫૫ ડોલર પ્રતિ બેરલ થઈ ગયુ છે. ભારતીય બાસ્કેટમાં જે ક્રૂડ આવે છે તે લગભગ ૨૦ થી ૨૫ દિવસ જૂનુ હોય છે એટલે કે આજે જે ક્રૂડનો ભાવ છે તેની અસર ૨૦ થી ૨૫ દિવસ બાદ જોવા મળી શકે છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં એકસાઈઝ ડયુટી, ડીલર કમિશન અને અન્ય ચીજો જોડયા બાદ તેનો ભાવ ડબલ થઈ જાય છે. જો કેન્દ્રની એકસાઈઝ ડયુટી અને રાજ્ય સરકારોનો વેટ હટાવાઈ તો ડીઝલ અને પેટ્રોલનો ભાવ લગભગ ૨૭ રૂ. લીટર થઈ જાય પરંતુ કેન્દ્ર હોય કે રાજ્ય સરકાર બન્ને કોઈપણ ભોગે ટેકસ હટાવી નથી શકતી કારણ કે તેની આવકનો મોટો ભાગ આ જ છે.



## મે મહિનામાં કોંગ્રેસ અધ્યક્ષની ચૂંટણી યોજાવાની વકી

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૨૨

કોંગ્રેસ પાર્ટીમાં અધ્યક્ષ સહિત સંગઠનના અન્ય પદોની ચૂંટણી ૧૫થી ૩૦ મે વચ્ચે કરાવવામાં આવી શકે છે. શુક્રવારે બોલાવવામાં આવેલી કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં મે મહિનામાં સંગઠનની ચૂંટણી કરાવવા પર વિચાર કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે મે મહિનામાં જ દેશના પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી થવાની છે અને માનવામાં આવી રહ્યુ છે કે આ ચૂંટણી ખતમ થયા બાદ કોંગ્રેસમાં સંગઠનાત્મક ચૂંટણી કરાવવામાં આવશે.

## બાંધકામ કાર્ય અમારા વિસ્તારમાં છે : વસાહત બાબતે ચીનનો ખુલાસો

(જી.એન.એસ)બેઈજિંગ,તા.૨૨

લદ્દાખમાં ભારત અને ચીનની વચ્ચે સરહદ વિવાદ ઉકેલાયો પણ નથી ત્યાં ચીને ફરી એકવખત અરૂણાચલ પ્રદેશ પર પોતાનો દાવો રજૂ કરી દીધો છે. અરૂણાચલ પ્રદેશમાં ચીને એક નવું ગામ વસાવી દીધાના રિપોર્ટસને લઇ ચીની વિદેશ મંત્રાલયે કહ્યું કે બાંધકામ કાર્ય એક સામાન્ય ગતિવિધિ છે કારણ કે આ તેમના 'પોતાના ક્ષેત્રમાં' કરાઇ રહ્યું છે.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવકતા હુઆ ચુનયિંગે મીડિયાને કહ્યું કે ચીન-ભારતના સરહદી વિસ્તારના પૂર્વ સેકટર યા જેંગનાન (દક્ષિણ તિબેટ)ને લઇ ચીનની સ્થિત સ્પષ્ટ છે. અમે કયારેય ચીની વિસ્તારમાં ગેરકાયદે રીતે બનાવેલ કથિત અરૂણાચલ પ્રદેશને માન્યતા આપી નથી. ચીને પોતાના વિસ્તારમાં બાંધકામ કરવું એ સંપૂર્ણપણે સંપ્રભુતાવનો મામલો છે. ચીનની પોતાના ક્ષેત્રમાં વિકાસ અને નિર્માણ સાથે જોડાયેલી ગતિવિધિઓ બિલકુલ સામાન્ય વાત છે.

ભારત-ચીનની વચ્ચે સરહદ વિવાદ ૩૪૮૮ કિલોમીટર લાંબી લાઈન ઓફ એક્ચુઅલ કંટ્રોલને લઈ છે. ચીન LACને માન્યતા આપતું નથી અને અંદાજે ૯૦૦૦૦ વર્ગકિલોમીટરની જમીન પર પોતાનો દાવો રજૂ કરે છે.

## મૃત વ્યક્તિના સ્પર્મ પર તેની પત્નીનો જ અધિકાર : કોલકત્તા હાઈકોર્ટ

(જી.એન.એસ)કોલકાત્તા,તા.૨૨

કોલકત્તા હાઈકોર્ટએ એક અરજી પર સુનવણી કર્યા બાદ પોતાના નિર્ણયમાં કહ્યું કે કોઈપણ મૃત વ્યક્તિના સ્પર્મ પર માત્ર તેની પત્નીનો જ અધિકાર હોઇ શકે છે. હાઈકોર્ટ એ મૃત વ્યક્તિના પિતાની અરજી પર સુનવણી કરતાં કહ્યું કે મૃતકના જે સ્પર્મને દિલ્હીની સ્પર્મ બેંકમાં સ્ટોર કર્યા છે તેના પર માત્ર તેમની વિધવા પત્નીનો જ હક છે. માર્ચ ૨૦૨૦માં કરાયેલ અરજીમાં મૃતકના પિતા એ કહ્યું હતું કે તેમના દીકરાના સ્પર્મ દિલ્હીની સ્પર્મ બેંકમાં સંરક્ષિત કરાયા છે.

પિતાએ કહ્યું હતું કે તેમને દીકરાના સ્પર્મ બેંકમાંથી નીકાળવા માટે અધિકાર આપવામાં આવે, કારણ કે જો આમ ના થયું તો એગ્રીમેન્ટની એક નક્કી સમયમર્યાદા બાદ તે સ્પર્મ બેકાર થઇ જશે. કોર્ટમાં આ અરજી પર સુનવણી દરમ્યાન જસ્ટિસ સબ્યસાચી ભટ્ટાચાર્યની બેન્ચે કહ્યું કે અરજીકર્તાની પાસે આ પ્રકારની મંજૂરી લેવાનો કોઇ મૌલિક અધિકાર નથી. કોર્ટે કહ્યું કે મૃતકના સ્પર્મ દિલ્હીની સ્પર્મ બેંકમાં સ્ટોર કરાયા હતા અને આ અરસામાં તેનું મોત થયું છે એવામાં તેના પર પહેલો અધિકાર હવે તેની પત્નીનો છે.

સરકારી તંત્ર કરતા વાહનચાલકો તથા વેપારીઓ માટે બકરૂ કાઢતા ઉંટ ઘુસ્યા જેવી સ્થિતિ સર્જાઈ

# નવી સમસ્યા, રૈયા અંડરબ્રિજના બન્ને છેડે ટ્રાફિક જામ

**અન્ડરબ્રિજના બન્ને છેડા પર બિનજરૂરી રીતે સ્પિડબ્રેકરો મુકાયા હોવાથી વધુ ટ્રાફિકજામ થાય છે, સર્વિસ રોડ પણ અત્યંત સાંકડો**

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૨૨

આખરે અઢી દાયકાની યાતનાઓ વેઠ્યા બાદ પણ રૈયા રોડ પરથી પસાર થતાં વાહન ચાલકોની પરેશાનીમાં ઘટાડો થવાના બદલે વધારો થઈ રહ્યો છે. તાજેતરમાં જ કરોડો રૂપિયાનાં ખર્ચે અનેક વાદ વિવાદો બાદ તૈયાર થયેલ રૈયા રોડ અંડરબ્રિજ જાહેર જનતા-વાહન ચાલકો મસાટે ખુલ્લો મુકાયા બાદ વાહનચાલકોને રેલ્વે ફાટકની મુશ્કેલીમાંથી બહાર કાઢી તંત્ર વાહકોએ અંડરબ્રિજનાં બન્ને છેડાઓ પર ટ્રાફિકજામની સ્થિતીમાં મુકી દીધા છે. રૈયારોડ પર આવેલી રેલ્વેફાટકની મુશ્કેલીમાંથી વાહન ચાલકોને બહાર કાઢવા અંડરબ્રિજ બનાવે કે ઓવરબ્રિજ તે વાત આખરે અઢી દાયકા બાદ નિર્ણય કરી જનતાની સુવિધામાં વધારો કરવાના બહાને કેટલીક કંપનીઓ પાસે સર્વે કરાવવામાં કરોડોનું આંધણ કર્યા બાદ સત્તાધીશોએ પોતાની રીતે અંડરબ્રિજ કરવાનો નિર્ણય એક વર્ષ પહેલાં લીધો હતો. રૈયારોડ ખાતે અંડરબ્રિજનું કાર્ય શરૂ થયા બાદ તંત્ર દ્વારા આ રોડ પરનાં રેલ્વે ફાટક આસપાસ ડાયવર્ઝન આપવાનું તંત્રનાં ધ્યાને જ આપવેલુ નહીં માત્ર બોર્ડ મૂકી દેવાયા હતાં આ રોડ પરથી પસાર થતાં દરરોજનાં લાખો વાહનચાલકોએ ડાયવર્ઝન વગર જે પરેશાની ભોગવવી પડેલ તે ભોગવી પરંતુ વાહનચાલકોને આશા હતી કે અંડરબ્રિજ શરૂ થશે બાદમાં મોટી સમસ્યામાંથી રાહત મળશે પરંતુ અંડરબ્રિજનો પ્રારંભ થતાં જ વાહન ચાલકો માટે 'બકરૂં કઢતાં ઉંટ ઘૂસ્યું' તેવી સ્થિતીનું સર્જન થયાનો અનુભવ થઈ રહ્યો છે. રાજકોટ શહેરમાં રેલવેના પાટાની પશ્ચિમ તરફ રહેતાં લાખો લોકો-વાહનધારકો માટે મહિલા કોલેજ અંડરબ્રિજ, એરપોર્ટ ફાટકની લાંબી સુવિધાનો ઉપયોગ કરવો



પડ્યો હતો. રૈયારોડ રેલ્વેફાટકની નજીક ૫૦ થી ૧૦૦ મીટરમાં ડાયવર્ઝન અપાયેલ ન હતું. અક વર્ષની યાતનાઓ બાદ રૈયારોડ રેલ્વેફાટકનો અંડરબ્રિજ શરૂ થતાં વાહનચાલકો ઉપરાંત બન્ને તરફનાં દુકાનદાર વેપારીઓ માયટે મુશ્કેલીમાં સતત વધારો થયેલ છે. રેલ્વે અંડરબ્રિજના બન્ને છેડા પર બુદ્ધિશાળી તંત્ર દ્વારા સ્પિડબ્રેકરો મૂકી વાહનચાલકોની પરેશાનીમાં વધારો કરાયો છે.

અંડરબ્રિજની બન્ને તરફ આવતાં જતા વાહનો જ્યારે ઢાળ ચડતા હોય ત્યારે ઢાળ બાદ તુરત જ જે સ્પિડબ્રેકરો મુકાયા હોવાથી તેમજ રેસકોર્ષ રીંગરોડ નજીક હોવાથી અંડરબ્રિજમાંથી આવતા વાહનોને ફરજીયાત થોભવું જ પડે છે.

રૈયા અંડરબ્રિજમાં બન્ને તરફ સતત વાહનોની અવર જવર ચાલુ રહે છે. તેવા સમયે ઢાળ ચડતા જ મૂકાયેલા સ્પિડબ્રેકરોના કારણે અંડરબ્રિજમાં ઢાળ ચડતા વાહનોના થપ્પા લાગી જાય છે. જેમાં અચાનક કોઈ સમયે આગળનું વાહન ઢાળમાં નીચું ઉતરવા લાગે તો પાછળના વાહનચાલકોના જીવ જોખમમાં મૂકાય શકે તે વાતનો ખ્યાલ બુદ્ધિશાળી સામાન્ય જનતા માટે હાજર જવાબી તંત્રનાં અમલદારોને કોઈ વિચાર આવેલ નથી તે સ્પષ્ટ દેખાય છે.

રૈયારોડ આસપાસની હજ્જારો નાની મોટી સોસાયટીઓમાં રહેતા લાખો વાહનચાલકોની યાતના દૂર કરવાના ઉદ્દેશથી તંત્રએ પોતાની અણઆવડત છૂપાવવા ઓવરબ્રિજનાં સ્થાને અંડરબ્રિજનો નિર્ણય કરેલ જે સમયે અંડરબ્રિજ આસપાસનાં માર્ગનાં વેપારીઓએ વિરોધ પણ ઉઠાવ્યો હતો. પરંતુ અંડરબ્રિજની બન્ને બાજુ આપવામાં આવેલ સાઈડરોડ પર અત્યંત સાંકળા હોવાથી દુકાનધારકો ગ્રાહકોના વાહન સર્વિસરોડ પર પાર્ક કરેલા રહેતા હોવાથી સ્કૂટર-બાઈક કે ફોરવ્હિલના ચાલકોને આ માર્ગ કાંટાળો લાગી રહ્યો છે. બે દિવસમં તો કેટલાક કિસ્સાઓમાં વાહન પસાર કરવા મુદ્દે હળવી બોલાચાલી પણ સર્જાતી જોવા મળેલી છે.

રૈયારોડના બન્ને છેડા પર વધુ પડતા વાહનોની અવર જવરના સમયે વાહનોની લાંબી કતાર લાગી જાય છે. તંત્ર દ્વારા અંડરબ્રિજથી રેસકોર્ષ રીંગ રોડ પરથી જિલ્લા પંચાયત ચોક તરફ જવાના માર્ગ પર ડીવાઈડર (કામચલાઉ) મૂકી રૈયારોડ પરથી આવતા વાહનોને ફરજીયાત મેયરબંગલા સુધીનું નાનું ચક્કર કાપ્યા બાદ કિશાનપરા ચોકમાં ફરી ટ્રાફિકજામની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. આમ રૈયારોડ અંડરબ્રિજ શરૂ થશે તો ટ્રાફિક સમસ્યા હળવી થશે તેવો વાહન ચાલકો રાજનેતાઓ તેમજ અમલદારોનો દાવો (કે આશા) આજે ખોટો સાબિત થઈ રહ્યો છે.

## વાંકાનેર અને મોરબીના પોલીસ ઈન્સ્પેક્ટરની બદલી



ચક્રવાત ટીમ વાંકાનેર,તા.૨૨

વાંકાનેર શહેર પી.આઈ. બી. પી. સોનારાની આજે બદલી કરવામાં આવી છે જેમને મોરબી એ ડિવિઝન ખાતે બદલી કરવામાં આવી છે આ સાથે જ વાંકાનેર શહેર પી.આઈ. તરીકે વી. એલ. પટેલની નીમણુંક કરવામાં આવી છે. આવી જ રીતે મોરબી એ ડીવીઝન પીઆઈની પણ બદલી કરવામાં આવી છે. મોરબી સીટી એ ડીવીઝન પોલીસ મથકમાં ફરજ બજાવતા પીઆઈ બી. જી. સરવૈયાની સીપીઆઈ તરીકે બદલી કરાઈ છે જેથી બી ડીવીઝન પીઆઈ આઈ. એમ. કોઢિયાને સીપીઆઈના વધારાના ચાર્જમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ સાથે જ વાંકાનેર સીટી પીઆઈ તરીકે ફરજ બજાવતા બી. પી. સોનારાની મોરબી સીટી એ ડીવીઝન પોલીસ મથકમાં બદલી કરવામાં આવી છે. જ્યારે તાજેતરમાં જ જુનાગઢ ખાતેથી મોરબી જિલ્લામાં હાજર થયેલ પી.આઇ. વી. એલ. પટેલની વાંકાનેર શહેર પી.આઈ. તરીકે નિમણૂક કરવામાં આવી છે.

## પાટીલ ન આવતા આણંદ ભાજપ કાર્યાલયનો કાર્યક્રમ રદ

**પ્રદેશ પ્રમુખ આણંદ તથા કરમસદ ન આવતા હોવાથી લોકો અને કાર્યકરોનો ઉત્સાહ રોષમાં બદલાયો હતો**





ચક્રવાત ટીમ આણંદ,તા.૨૩

જિલ્લાની એક દિવસની મુલાકાતે પ્રદેશ પ્રમુખ પાટીલ આવનાર હોવાથી તેમના હસ્તે આણંદ ભાજપના કાર્યક્રમનું ખાતમુહૂર્ત નાવલી ખાતે યોજાનાર હતું. તદુપરાંત સી.આર. પાટીલનો અભિવાદન સમારોહ પણ યોજવા નક્કી કરાયેલ હોવાથી ભાજપના આગેવાનો, કાર્યકરો દ્વારા લોકોની ભીડ એકત્ર કરવામાં આવેલ હતી.સમિયાણામાં ખુરશીઓ ગોઠવી વ્યવસ્થા કરવમાં આવેલ હતી. લોકોને ભાગી જતા અટકાવવાના ઘણા પ્રયાસો કરાયા પરંતુ છેલ્લી ઘડીએ પાટીલનો કાર્યક્રમ રદ થતા લકો નિરાશા અને રોષ સાથે સમિયાણો છોડી જતા રહ્યા હતા. આણંદ જિલ્લામાં રાજનેતા આવતા હોય અને ચૂંટણી નજીક હોય ત્યારે લોખંડી પુરૂષની જન્મભૂમી કરમસદને કેમ ભૂલે? પાટીલ આજે કરમસદ ખાતે પણ જનાર હોવાથી શહેરમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી કરમસદની બજારોમાં વેપારીઓને ધંધા રોજગાર બંધ રાખવા ફરજ પાડવામાં આવતા લોકોમાં તંત્ર સામે રોષ વ્યાપેલ હતો.

પાટીલના આગમનથી વિદાય સુધીના કાર્યક્રમની તૈયારીઓ થતા પોલીસે સઘન બંદોબસ્ત ગોઠવ્યો હતો. પરંતુ પાટીલનો કાર્યક્રમ રદ થતા બધાની મહેનત વ્યર્થ ગઈ અને લોકોમાં રોષ નજરે ચડ્યો હતો.

## મુળી તાલુકાના નવાણીયા ગામેથી વિદેશી દારૂ ઝડપાયો



ચક્રવાત ટીમ સુરેન્દ્રનગર,તા.૨૨

સુરેન્દ્રનગર જીલ્લામા અસામાજીક પ્રવૃતિને ડામવા જીલ્લા પોલીસ વડા મહેન્દ્ર બગડીયા દ્વારા તમામ વિસ્તારોમા સ્થાનિક પોલીસને સુચના અપાઈ છે. ત્યારે ગઈકાલે મોડી રાત્રે જીલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ ડી.એમ. ઢોલ, સંજયભાઈ પાઠક સહિતના પોલીસ સ્ટાફ દ્વારા મુળી તાલુકા વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા તેવા સમયે ખાનગી બાતમી મળી હતી કે નવાણીયા ગામની સીમમાં આવેલી વાડી પાસે ખરાબામા વિદેશી દારુનો મોટો જથ્થો હોય જેને લઈને લોકલ ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફે બાતમી વાળા સ્થળે દરોડો કરતા ૨૦૫૩ બોટલ વિદેશી દારુ મળી આવ્યો હતો. જ્યારે ગેરકાયદેસર વિદેશી દારૂની જથ્થો રાખનાર નવાણીયા ગામના યુવરાજસિંહ ક્રિપાલસિંહ પરમાર વિરુધ્ધ મુળી પોલીસ સ્ટેશને ફરીયાદ દાખલ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

## દારૂના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી જૂનાગઢ પોલીસ



ચક્રવાત ટીમ જૂનાગઢ,તા.૨૨

જૂનાગઢ શહેરના ભરડાવાવ પાસેથી આરોપી નાગેશભાઈ શૈલેશભાઈ ગોસાઈ બાવાજી ઉવ. ૨૫ રહે. ગણેશનગર, ગીરનાર દરવાજા, જૂનાગઢને ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ તથા ચપટા નંગ ૪૩ કિ.રૂ.૧૨,૪૦૦/- ના મુદામાલ સાથે પકડી પાડી, આરોપીઓ (૧) નાગેશભાઈ શૈલેશભાઈ ગોસાઈ બાવાજી ઉવ. ૨૫ રહે. ગણેશનગર, ગીરનાર દરવાજા, જૂનાગઢ, (૨) દીલીપભાઈ રણછોડભાઈ કોળી રહે. ગણેશનગર, ગીરનાર દરવાજા, જૂનાગઢ તથા (૩) કમલેશ ઉર્ફે મચ્છપર દુલાભાઈ સોલંકી રહે. પ્રદીપ ખાડીયા, જુનાગઢના વિરુદ્ધમાં એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો નોંધી, આ ગુન્હાની તપાસ એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.એસ. આઈ. જે.એચ.કછોટ તથા સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલ હતી. આ ભારતીય બનાવટના વિદેશી દારૂના ગુન્હામા આરોપીઓ (૧) નાગેશભાઈ શૈલેશભાઈ ગોસાઈ બાવાજી ઉવ. ૨૫ રહે. ગણેશનગર, ગીરનાર દરવાજા, જૂનાગઢ (૨) કમલેશ ઉર્ફે મચ્છર દુલાભાઈ સોલંકી રહે. પ્રદીપ ખાડીયા, જૂનાગઢની ધરપકડ કરવામાં આવેલ હતી. આ ગુન્હામાં આરોપી દીલીપભાઈ રણછોડભાઈ કોળી રહે. ગણેશનગર, ગીરનાર દરવાજા, જૂનાગઢનું નામ ખુલી ગયા બાદ આજદિન સુધી છેલ્લા પાંચેક મહિનાથી નાસતો ફરતો વોન્ટેડ હતો.

જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ એ ડિવિઝન પોલીસ સ્ટેશનના ઈંચા. પીઆઈ વી.કે.ઉજીયા, પીએસઆઈ જે.એચ.કછોટ તથા સ્ટાફ હે.કો. સમીરભાઈ રાઠોડ, મોહસીનભાઈ અબડા તથા પો.કો. જીલુભાઈ, વિક્રમભાઈ, વનરાજસિંહ, વિક્રમસિંહ, સહિતના પોલીસ સ્ટાફની ટીમ દ્વારા આરોપી દીલીપભાઈ રણછોડભાઈ કોળીને જૂનાગઢની ગીરનાર દરવાજા પાસેથી પકડી પાડી, ધરપકડ કરવામાં આવેલ હતો.

## રાજ્યમાં રાત્રીનાં ઠંડીમાં વધારાની શક્યતા

**આગામી સપ્તાહથી કોલ્ડવેવનું આગમન થવાની હવામાન વિભાગ દ્વારા આગાહી**

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૨૨

રાજ્યમાં ફૂંકાતા પવનની દિશા આગામી સમયમાં બદલાવાની સાથોસાથ પવનની ઝડપમાં પણ વધારો થનાર હોવાથી આગામી રવિવાર બાદથી રાજ્યમાં અનેક શહેરોમં કાતિલ ઠંડીનો વધુ એક તબક્કો આવી રહ્યાની શક્યતા રાજ્યના હવામાનશાસ્ત્રીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવેલ છે. આજે બપોર બાદ પવનની દિશામાં હવું પરિવર્તન જોવા મળેલ હતું.

રાજ્યમાં ફૂંકાતા પવનની દિશા પશ્ચિમ-દક્ષિણ પશ્ચિમની રહેવા શક્યતાઓ ઉદભવી રહી હોવાથી રાજ્યમાં પુનઃ ઠંડીનું (રાત્રીના) આગમન થશે, રાત્રીના ઠંડા પવન ફૂંકાશે તેમજ વહેલી સવારે ધુમ્મસનું પ્રમાણ વધતું જોવા મળશે.

રાજ્યમાં આજે પાટનગર ગાંધીનગર ખાતે ૮.૮ ડીગ્રી સૌથી નીચું તાપમાન નોંધાયું હતું. પરંતુ ગિરનાર પર્વત ખાતે ૫.૪ ડીગ્રી તાપમાન નોંધાયેલ હતું. જૂનાગઢ શહેરમાં ૧૦.૪, વલસાડ ૧૦.૫, અમદાવાદ ૧૧.૧, કેશોદ ૧૧.૪, ડિસા ૧૨, નલિયા ૧૨.૪ મહુવા ૧૨.૫, દિવ ૧૨.૮, કંડલા પોર્ટ ૧૩, વિદ્યાનગર ૧૩.૩, કંડલા વિમાન મથક ૧૩.૮, અમરેલી ૧૪.૩, વડોદરા ૧૪.૪, સુરત ૧૪.૪, સુરેન્દ્રનગર ૧૪.૫, ભૂજ ૧૫, રાજકોટ ૧૫.૧, ભાવનગર ૧૫.૪, પોરબંદર ૧૫.૯, વેરાવળ ૧૬.૯, ઓખા ૧૮.૯ અને દ્વારકા ખાતે ૨૦.૨ ડીગ્રી તાપમાન નોંધાયું હતું.

## સરકારી શિક્ષક દ્વારા રૂા. ૭૫ હજારના પુસ્તકોનું દાન કરી શાળામાં પુસ્તકાલયનું નિર્માણ કરાવાયું



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી,તા.૨૨

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર શહેરમાં શ્રી ભ. ભા. વિધાલાય ના શિક્ષક શ્રી અરવિંદ ગીરી ગોસ્વામી દ્વારા રૂપિયા ૭૫૦૦૦/- ના સ્વ ખર્ચે સરકારી શાળાના વિદ્યાર્થીઓને માટે આજના સમયમાં ખૂબ જ ઉપયોગી અને ઉપકારક એવી પુસ્તકાલય પ્રવૃત્તિ નું આયોજન કરવામાં આવ્યું હતું. કોડીનાર સ્યુગર ફેકટરી પાસે આવેલી આ સરકારી શાળાના બોર્ડના પરિનમ પણ જિલ્લા ગીર સોમનાથમાં અગ્રેસર હોય છે. આ શાળાના શિક્ષક એ ખરેખર શિક્ષણ ની વ્યાખ્યા ચરિતાર્થ કરી છે. તેમજ પ્રેરણાદાયક કાર્ય કર્યુ છે. તેમણે રૂ. ૭૫૦૦૦/- જેવી રકમ સાથે પુસ્તકો અને રીનોવેશન વર્ક કર્યુ હતું. આ ઉપરાંત તેઓ ગુજરાત રાજ્યના કલા ઉત્સવ માં ગીત, ભજનમાં ત્રીજા ક્રમે આવ્યા હોય તેની રકમ રૂ. ૧૦૦૦૦/- પણ તેમણે શાળાને દાન કરી હતી. ખૂબ મોટી સંખ્યામાં વિધાર્થીઓ ને વાંચન તરફ પ્રેરિત કરનાર શિક્ષક અરવિંદ ગીરી ગોસ્વામી વિધાર્થીઓ માટે તેમજ શિક્ષક અને શાળા માટે પ્રેરણાદાયક ઉતમ ઉદાહરણ પુરુ પાડવામાં આવ્યું છે. તેમજ તેમણે વધુમાં સંગીતકાર તરીકે જે વધારાની પ્રવૃત્તિ કરે છે તેની ડિસેમ્બર ૨૦૨૧ સુધીની તમામ આવક પણ શાળાને દાન કરવા નિશ્ચય કર્યો છે. સરકારી શાળાના શિક્ષકની આ ઉદારતા આજના સમયમાં ખરેખર ખૂબ જ વંદનીય બાબત ગણાવી શકાય. એટલે જ કહેવાય છે કે ગુરુ ગોવિંદ દોનો ખડે, કાકો લાગુ પાય. બલિહારી ગુરુ આપકી કરુ વંદન નિત ધ્યાન.

મોરબી નજીક 'અકસ્માતે' પોલીસ નીકળી બુટલેગર

# રાજકોટમાં દારૂની હેરફેર કરતા બે પોલીસકર્મીઓ ઝડપાયા



ચક્રવાત ટીમ રાજકોટ,તા.૨૨

મોરબીના જાંબુડિયા ગામ પાસેના ઓવરબ્રિજ ઉપર આજે વહેલી સવારે એક દારૂ ભરેલી સ્કોર્પિયો કાર પલ્ટી મારી ગઈ હતી. બનાવને પગલે કારમાંથી દારૂની રેલમછેલ થઈ હતી. દારૂ ભરેલી કાર પલ્ટી મારી ગયા બાદ બચેલા દારૂને બીજી ગાડીમાં સગેવગે કરવા અને સમગ્ર ઘટના પર પડદો પાડવા કાર ચાલકે સ્થળ પર એકઠા થયેલા લોકો અને પોલીસ પર પણ રોફ જમાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પ્રાથમિક તબક્કે જ મોરબી પોલીસને જાણ થઈ હતી કે કારમાં સવાર બન્ને આરોપી પોલીસ તંત્ર સાથે જોડાયેલા કર્મચારીઓ જ છે અને રાજકોટના જ બે પોલીસ કર્મી દારૂની હેરાફેરી કરતા હોવાની જાણ થતા બંને વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

દારૂ સગેવગે કરવા બંને પોલીસ કર્મીએ ઈકો કાર મગાવી હતી

મોરબી-વાંકાનેર હાઈવે પર આવેલ જાંબુડિયા ઓવરબ્રિજ ઉપર આજે વહેલી સવારે કાળા કલરની એક સ્કોર્પિયો કાર નંબર જીજે-૦૩-જેએન-૪૪૫૫ પલ્ટી મારી ગઈ હતી. આ કારમાં દારૂ ભરેલો હોવાથી તેમાંથી રોડ પર દારૂ ઢોળાયો હતો. આ સમગ્ર ઘટના પર પડદો પાડવા કારમાં સવાર બે શખ્સોએ બીજી ઈકો ગાડીમાં દારૂ ભરી સગેવગે કરવાના પ્રયાસો કર્યા હતા. જો કે, આ સમયે સ્થળ પર એકઠા થયેલા લોકો પર કારમાં સવાર લોકોએ ભારે રોફ જમાવ્યો હતો અને સ્થળ પર આવેલી પોલીસ સાથે પણ માથાકૂટ કરી હતી. દારૂ ભરેલી કારનો ચાલક અણછાજતું વર્તન કરીને તેમજ રોફ જમાવીને રોડ બ્લોક કરી દેતા ટ્રાફિકજામ પણ થયો હતો.

વિદેશી દારૂની ૩૬ બોટલ અને બિયરના ૩૨ ટીન કબ્જે કર્યા

દારૂ ભરેલી આ કારમાં સવાર રાજકોટના માલવીયા નગર પોલીસ મથકમાં જીઆરડી તરીકે ફરજ બજાવતા રાજદીપસિંહ અશોકસિંહ જાડેજા (રહે. રિબડા) અને પૃથ્વીરાજસિંહ રણજીતસિંહ જાડેજા (રહે. બામણબોર)ની અટકાયત કરી દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યા હતા અને ક્યાં પહોંચાડવાનો હતો સહિતની તપાસ હાલ પોલીસ કરી રહી છે. ઉક્ત બનાવમાં વિદેશી દારૂની ૩૬ બોટલ કિંમત રૂપિયા ૧૮૭૨૦ તથા બિયર ટીન ૩૨ કિંમત રૂપિયા ૩૨૦૦ કુલ રૂપિયા ૨૧૯૨૦ તથા બે મોબાઈલ અને કાર સહિત કુલ રૂપિયા ૫,૪૬,૯૨૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. બન્ને આરોપીઓ વિરુદ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી રાજકોટના માલવીયા નગર પોલીસ સ્ટેશનને બનાવની જાણ કરી છે.







# આણંદ જિલ્લામાં ૩૦૦થી વધુ આંગળવાડી અને આશાવર્કર બહેનો દ્વારા આંદોલન



ચક્રવાત ટીમ આણંદ, તા.૨૨

આજે રેલીની પરમિશન ન મળતા આણંદ જિલ્લાની લગભગ ૩૦૦ થી વધારે આંગણવાડી અને આશા વર્કરબેનો કૈલાશબેન રોહિતની આગેવાનીમાં શાસ્ત્રી બાગમાં એકઠા થયેલ હતા, પરંતુ રેલી શરૂ કરતા જ પોલીસ સાથે ઝપાઝપી શરૂ થયેલ અને તમામ બેનોને ધરપકડ કરવામાં આવી હતી, બાદમાં કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યુ હતુ. કૈલાશબેન રોહિતના કહેવા મુજબ આ લોકશાહીના ધબકારા નહીં પણ લોકશાહીના ધજાગરા કહેવાય કે જેમાં કોઈને પણ રજુઆત કરવાનો પણ હક રહ્યો નથી. આતે કેવી તાનશાહી, પરંતુ અમે અમારી માગણી નહીં સંતોષાય ત્યાં સુધી અમારી લડતને ચાલુ જ રાખીશું, આનાથી પણ વધારે ઉગ્ર આંદોલન કરવાની પણ તૈયારી બતાવી હતી

# દિવ્યાંગોને વિકલાંગતા સર્ટીફીકેટ કેમ્પનું ઉપલેટા ખાતે બુધવારે ભવ્ય આયોજન

## ઉપલેટા સિધ્ધનાથ ટ્રસ્ટ દ્વારા સેવાયજ્ઞનું અદકેરૂ આયોજન એસ.ટી પાસ તથા વિકલાંગ સાધન સહાયના ફોર્મ ભરાશે

ચક્રવાત ટીમ કાનભાઈ સુવા, તા.૨૨

ઉપલેટા સિધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમગ્ર સૌરાષ્ટ્ર માટે અનેકવિધ સેવાકીય અને સંસ્કૃતિ પ્રવૃતિઓ થતી રહે છે આ અંગે ટ્રસ્ટના પ્રમુખ અને સેવાભાવી યુવાન જયેશભાઈ ત્રિવેદી એ જણાવેલ કે જન સેવા અરજ પ્રભુ સેવા ના ભાગરૂપે પશ્રકુવરબા સરકારી હોસ્પિટલના સહયોગથી દિવ્યાંગોને વિકલાંગોને સિવિલ સર્જન દ્વારા આપવામાં આવતું વિકલાંગતા પ્રમાણપત્ર કેમ્પનું આયોજન તારીખ ૨૭/૧/૨૦૨૧ બુધવારે કોટેજ હોસ્પિટલ રેલવે સ્ટેશન રોડ ઉપલેટા ખાતે સવારે ૯:૦૦ વાગ્યે યોજવામાં આવેલ છે આ કેમ્પ ઉપલેટા ખાતે યોજવા ને કારણે દિવ્યાંગોની હાલની પરિસ્થિતિમાં રાજકોટ સુધી જવું ન પડે મુશ્કેલીઓ ન પડે તે માટે ઉપલેટા ખાતે તેઓને વિકલાંગતા પ્રમાણપત્ર સહેલાઈથી મળી રહે તેવા શુભ હેતુથી આ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે આ કેમ્પમાં ઉપલેટા,ધોરાજી જેતપુર,જામકંડોરણા તાલુકાના દિવ્યાંગો લાભ લઈ શકશે જે દિવ્યાંગો એ વિકલાંગ સર્ટિફિકેટ અગાઉ મેળવી લીધેલ હોય તેમને આ કેમ્પનો લાભ મળવાપાત્ર રહેશે નહીં પ્રમાણપત્ર મેળવવા આવતા લાભાર્થીઓને બે (૨) પાસપોર્ટ સાઈઝના ફોટા,આધાર કાર્ડ ની ઝેરોક્ષ તથા ઓરીજનલ રેશનકાર્ડને રેશનકાર્ડની ઝેરોક્ષ અવશ્ય સાથે લાવવાની રહેશે તેમજ સમાજ સુરક્ષા દ્વારા વિકલાંગો માટે એસ.ટી પાસ અંગે પણ ફોર્મ ભરવામાં આવશે તેમજ વિકલાંગ સાધન સહાય અંગેના ફોર્મ ભરવામાં આવશે તે અંગેના જરૂરી આધાર પુરાવા સાથે લાવવાના રહેશે આ કેમ્પને સફળ બનાવવા જયેશભાઈ ત્રિવેદી સાથે સિધ્ધનાથ ટ્રસ્ટ ના સેવાભાવી ડો. રાજુભાઈ ત્રિવેદી, સતિષભાઈ સોજીત્રા, ભગવાનદાસ બાપુની નિરંજની,મનુભાઈ બારોટ,રાજુભાઈ મેહતા,જગદીશભાઈ પૈડા, વિક્રમસિંહ સોલંકી વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# મોરબી જિલ્લાને ભેટ : નવી GIDC બનાવવાની જાહેરાત કરતા મુખ્યમંત્રી વિજય રૂપાણી

ચક્રવાત ટીમ, તા.૨૨

ગુજરાતમાં આઠ જિલ્લામાં ૯૮૭ હેક્ટરમાં નવી ઔદ્યોગિક વસાહતો GIDC સ્થાપવાની જાહેરાત મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા કરવામાં આવી છે. જેમાં મોરબી જિલ્લાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. સરકારે જાહેર કરેલ નવી ૮ વસાહતોમાં મોરબી ખાતે આશરે ૫૦૦ હેક્ટર વિસ્તારમાં નવિન ઔધોગિક વસાહત તમામ અદ્યતન માળખાકીય તેમજ આનુસાંગિક સુવિધાઓથી સુસજ્જ એક મોડલ એસ્ટેટ બનાવાશે. દહેજ, સાયખા, અંક્લેશ્વર, હાલોલ, સાણંદ, વાપી અને લોધિકાની હયાત વસાહતોને પણ તમામ મૂળભુત અને હાઈટેક સુવિધાઓ સાથે વિકસાવી મોડલ એસ્ટેટ બનાવાશે. રાજ્યની હયાત ૯ ઔદ્યોગિક વસાહતોમાં મલ્ટીસ્ટોરી શેટ્સ – બહુમાળી શેડ બનાવવામાં આવશે. રાજ્યના પાંચ જિલ્લા વલસાડ, સુરત, ભરૂચ, વડોદરા અને અમદાવાદમાં ૩૬૦ નવા બહુમાળી શેડ નિર્માણ પામશે. ૨૦ હજાર નવી રોજગારી આ નવિન પ્રકલ્પો ભવિષ્યમાં પુરી પાડશે. આ નવી ૈંઙ્ઘઝ વસાહતોથી જલોત્રા-બનાસકાંઠાનો માર્બલ કટીંગ, પોલીશીંગ ઉદ્યોગ, શેખપાટ-જામનગરનો બ્રાસ ઉદ્યોગ, મોરબીનો સિરામિક ઉદ્યોગ, કડજોદરા-ગાંધીનગરનો ફૂડ-એગ્રો ઉદ્યોગ, પાટણનો ઓટો એંસિલરી ઉદ્યોગ, નાગલપર અને રાજકોટનો મેડિકલ ડિવાઈસ ઉદ્યોગ તથા આણંદ અને મહિસાગરના ઈજનેરી ઉદ્યોગોને લાભ થશે. નવી ૈંઙ્ઘઝ વસાહતોથી રૂ. ૧૨૨૩ કરોડનું કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ અને ૨૦ હજાર નવી રોજગારી આ નવિન પ્રકલ્પો ભવિષ્યમાં પુરી પાડશે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, રાજ્યની ઔદ્યોગી વસાહતો-જી.આઈ.ડી.સી. માં હવે ‘પ્લગ એન્ડ પ્લે’ના ધોરણે ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ પામી રહ્યા છે. એસ્ટેટમાં આવનાર કારખાનેદાર સીધા પોતાનો મશીન ગોઠવે અને ઉત્પાદન શરૂ કરે તે પ્રકારની અત્યાધુનિક સુવિધાઓ સાથેના શેડ સરકારે તૈયાર કર્યા છે. તેમણે કહ્યું કે, રાજયની જી.આઈ.ડી.સી. એમ.એસ.એમ.ઈને મદદરૂપ બને તે આવશ્યક છે. રાજયનો ખરા અર્થમાં આર્થિક-ઔદ્યોગિક વિકાસ કરવા માટે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉધોગો પર ધ્યાન કેન્દ્રિત કરવું અતિઆવશ્યક છે.

# જુના નાવડા ગામે કરોડોના ખ્ર્ચે બનેલું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તબીબો અને દર્દીઓની રાહમાં



ચક્રવાત ટીમ બોટાદ, તા.૨૨

બરવાળા તાલુકા ના જુના નાવડા ગામે ૧ કરોડની રકમના ખચે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવવામા આવ્યુ છે પરતુ હજુ સુધી આ આરોગ્ય કેન્દ્ર શરૂ કરવામાં આવેલ નથી જે વહેલી તકે શરૂ કરવામાં આવેલ તેવી સ્થાનિક લોકો અને આગેવાનો માગ કરી રહયા છે .અગાઉ પણ સ્થાનિક લોકો પ્રોજેક્ટ ઈન્ચાર્જને લેખિતમાં રજુઆત કરવા છતા તંત્ર ની આખ આડે પાટા લાગેલા હોય તેવુ લાગી રહુ છે. સ્થાનિક લોકો સહિત આજુ બાજુ ના ગામોના લોકોને આરોગ્ય બાબતે પડતી હાલાકી દુર કરવા આ આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા માટે તંત્ર પાસે માગણી કરવામાં આવી છે. બરવાળા તાલુકાના જુના નાવડા ગામે એક વર્ષ પહેલા એક કરોડ રૂપિયાનો ખર્ચ કરીને નાવડા સહિત આસપાસના ગામોને આરોગ્ય સુવિધા મળી રહે તે માટે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવવામા આવ્યુ છે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં તમામ પ્રકારનું ઈન્ફ્રા સ્ટ્રક્ચર ઊભુ થઈ ચુકીયુ છે. આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તમામ પકારની કામ ગીરી પૂર્ણ કરવામાં આવી છે તેમ છતા પણ આજ દિન સુધી આ આરોગ્ય કેન્દ્ર નુ ઉદ્ઘાટન કરવામાં આવ્યુ નથી. તેમજ આ આરોગ્ય કેન્દ્ર માટે કોઈ સ્ટાફ નિમવામાં આવ્યો નથી ત્યારે હાલમા નાવડા સહિત આજુ બાજુ ના ગામના લોકોને હોસ્પિટલ હોવા છતા પણ આરોગ્ય ના કામ માટે બરવાળા,બોટાદ કે ધંધુકા ખાતે દુર જવુ પડે છે જેના લીધે દદીઓને સમય અને આર્થિક નુકશાન વેઠવુ પડે છે.

# સ્વામીના વિવાદી વિધાન સામે ગઢડામાં વેપારીઓ આજે બંધ પાળશે

ચક્રવાત ટીમ રાજેશ શાહ, તા.૨૨

ગઢડા વેપારી એસોસીએશન દ્વારા શહેરમાં વેપાર ધંધો કરતા તમામ વેપારીઓ ની ખાસ અગત્યની online મીટીંગ માં લેવાયેલા રીવ્યુ મુજબ આવતીકાલે શનિવાર તા.૨૩ના રોજ ગઢડા શહેરના તમામ વેપારી મિત્રો ગઢડા ગોપીનાથજી દેવ મંદિર ના બોર્ડ સલાહકાર ભાનુ પ્રકાશ દાસજી દ્વારા ગઢડા સમસ્ત ગામને તીરથ મુંડીયું કીધું છે કહેવાયેલા તીરથ મુંડિયા ના વિરોધમાં સ્વૈચ્છિક રીતે સ્વતંત્ર પોતાના નિર્ણયથી તમામ વેપારી મિત્રો લારી-ગલ્લા તેમજ શાકભાજી વાળા મિત્રો સહિત બંધ પાળવાના છે તેવો તેમનો અભિપ્રાય છે. ગઢડા શહેરમાં સૌથી ચર્ચાસ્પદ મુદ્દો જે અત્યારે ચાલી રહ્યો છે, જે વીડિયોમાં કહેવામાં આવ્યું છે કે ગઢડા ગામ તીરથ મુંડિયું છે એટલેકે શહેરના તમામ લોકોને જે તીરથ મુંડિયા કીધા છે તે મુદ્દે ગઢડા શહેર ના નગરજનો માં ઘણો રોષ છે, અને ઘણા બધા લોકો દ્વારા વ્યાપારી એસોસિએશનને આમાં સહકાર આપવા માટે વિનંતી કરવામાં આવી હતી જે અનુસંધાને ગઢડા વેપારી એસોસિએશન દ્વારા ગઢડા શહેરના તમામ પ્રકારના વેપાર ધંધો કરતા લોકોનો અભિપ્રાય મેળવતા સોએ સો ટકા લોકોએ બંધ રાખવાનો અભિપ્રાય આપેલ હોય ગઢડા શહેરના તમામ લોકોનો આ પ્રશ્ન હોય સ્વૈચ્છિક રીતે સ્વતંત્ર આવતીકાલે શનિવારના રોજ ગઢડા શહેર સજ્જડ બંધ રહેશે. ગઢડા શહેરમાં સૌથી વધુ અત્યારે ચર્ચા તો કોઈ શબ્દ હોય તો તે છે તીરથ મુંડિયા,.. તીરથ મુંડીયા એટલે શું ? આ શબ્દોનો કોઈ અર્થ ખબર ન હોવાના કારણે એક અનુભવી સંતને પૂછ્યું કે તીરથ મુંડીયા એટલે શું? ત્યારે તે સંત જવાબ આપ્યો, તીરથ મુંડીયા એટલે કોઈ તીર્થ ઉપર નભનારા લોકો, જે લોકોનો સંપૂર્ણ જીવન દરમિયાન નો જમવા તેમજ રહેવા નો તમામ ખર્ચ તીર્થ ઉપર ચાલતો હોય તેવા લોકોને તીરથ મુંડીયા કહેવામાં આવે છે,

આ લોકોને તીરથ મુંડીયા કહેવાય. એટલે કે મફત નું ધર્માદાનું ખાઈને મોટા થતા લોકો એટલે તીરથ મુંડીયા. તીરથ મુંડીયું ગામ એટલે ગામમાં રહેનારા તમામ લોકો તીરથ મુંડીયા. આમ આવતીકાલે ગઢડા શહેર વિરોધ દર્શાવી સ્વયંભૂ બંધ પાળી વેપાર-ધંધા બંધ રાખી શકે તેવી શક્યતા છે.

# બોટાદના ધારાસભ્ય અને સૌરભ પટેલ રોહીશાળાના ઠાકર દ્વારાની મુલાકાતે



ચક્રવાત ટીમ, તા.૨૨

બોટાદના ધારાસભ્ય અને ગુજરાતના ઉર્જા મંત્રી એવા સૌરભ પટેલ તથા બોટાદ જિલ્લાના ભાજપના કાર્યકરો આજ રોહી શાળા મુકામે આવેલ ઠાકર દ્વારાના દર્શનાર્થે આવેલ હતા અને તેઓએ ઠાકરના દર્શન કરી ઠાકર દ્વારાના મહંત કાનજી બાપુના આશીર્વાદ મેળવ્યા હતા.હાલમાં તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયત તેમજ ગ્રામ પંચાયતોની ચૂંટણી આવી રહી છે ત્યારે બોટાદના ધારાસભ્ય ચૂંટણી ના કામ અર્થે તેમજ જનસંપર્ક અંગે બોટાદ ખાતે આવેલ હતા.

# ચૂંટણીકાર્ડ હવે ડિજિટલ ફોર્મેટમાં મળશે

ચક્રવાત ટીમ, તા.૨૨

રાષ્ટ્રીય મતદાતા દિવસ તા. ૨૫ના રોજ ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદારો માટે વધુ એક સુવિધાના પગલાં રૂપે ડીજીટલ ફોર્મેટમાં e-EPIC (ઈ-મતદાર ફોટો-ઓળખપત્ર) સુવિધાનો પ્રારંભ કરવામાં આવનાર છે. આ e-EPIC કોમ્પ્યુટર અથવા મોબાઈલ દ્વારા ડાઉનલોડ કરીને તેને સાચવી શકાય છે. ડીજીલોકરમાં અપલોડ કરી શકાય છે અને તેની પ્રિન્ટ કાઢીને લેમિનેટ કરી શકાય છે. આ e-EPIC મતદારોને આપવામાં આવતા PVC EPIC ઉપરાંત વધારાની સુવિધા છે. જે મતદારની ઓળખના પુરાવા તરીકે ચૂંટણીના હેતુ માટે માન્ય રહેશે. મતદારો e-EPIC (૧) Voter Helpline Mobile app (Android/ios) અથવા (૨) https://voterprotal.eci.gov.in/ અથવા (૩) https://nvsp.in/ પરથી ડાઉનલોડ કરી શકશે. તે માટે (૧) NVSP/Voter Protal પર રજીસ્ટર/લોગ ઈન કરો (૨) EPIC નંબર અથવા ફોર્મ રેફરન્સ નંબર દાખલ કરો. (૩) રજિસ્ટર્ડ મોબાઈલ પર મળેલ OTP દાખલ કરો (૪) e-EPIC ડાઉનલોડ કરો. મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા-૨૦૨૧ દરમ્યાન યુનિક મોબાઈલ નંબર સાથે નવા નોંધાયેલાં મતદાર એટલે કે મતદારયાદીમાં ફકત એક જ મતદાર સાથે સંકળાયેલો હોય તેવો મોબાઈલ નંબર ધરાવતાં હોય તેવા નવા નોંધાયેલ મતદાર તા.૨૫/૦૧/૨૦૨૧ થી e-EPIC ડાઉનલોડ કરી શકશે, જયારે તા.૦૧/૦૨/૨૦૨૧થી unique મોબાઈલ નંબર ધરાવનાર તમામ મતદારો e-EPIC ડાઉનલોડ કરી શકશે. તે સિવાયના મતદાર e-EPIC મેળવવા માટે સૌ પ્રથમ e-KYC પ્રક્રિયા કર્યા બાદ e-EPIC ડાઉનલોડ કરી શકશે. ડીજીટલ ફોર્મેટમાં e-EPIC (ઈ-મતદાર-ફોટો ઓળખપત્ર) મેળવવાની આ વધારાની અને વધુ ઝડપી સુવિધાનો લાભ લેવા સર્વે મતદારોને ચુંટણી પંચ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ઈનોવેશન ફેરમાં જોડિયા તાલુકાની નેસડા પ્રા.શાળાની રાજ્યકક્ષાએ પસંદગી



ચક્રવાત ટીમ હડિયાણા, તા.૨૨

GCERT ગાંધીનગર આયોજિત જામનગર જીલ્લાનાં એજ્યુકેશન ઈનોવેશન ફેર ૨૦૨૦-૨૧મા જોડિયા તાલુકાની શ્રી નેસડા પ્રાથમિક શાળાના ગણિત વિજ્ઞાન શિક્ષક રમેશ ધમસાણીયા અને સહયોગી શિક્ષક યોગેશ ભેસદડિયા દ્વારા covid -૧૯નાં સમયગાળા દરમિયાન હાથ ધરાયેલ સંયુક્ત ઈનોવેશન ,‘લોકડાઉનનો સદુપયોગ-ગણિત વિજ્ઞાન શૈક્ષણિક સાપસીડી નિર્માણ’ની જીલ્લા કક્ષાએ થી રાજય કક્ષા એ પસંદગી થવા પામેલ છે. આ એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલમા સમગ્ર જીલ્લામાંથી ૧૫ કૃતિઓ રજુ થઈ હતી જેમા નેસડા સ્કુલનાં બને શિક્ષકમિત્રોનું ઈનોવેશન રાજ્ય કક્ષા માટે પસંદ થતા શાળા પરિવાર અને જોડિયા તાલુકાનું નામ રોશન કરેલ છે. શાળાના આચાર્ય ભાવેશભાઈ પનારાએ અભિનંદન આપી રાજ્ય કક્ષાની શુભકામના પાઠવી.

# તાલાલા તાલુકાના પિખોરગામે સાંસદ રાજેશ ચુડાસમા દ્વારા નવનિર્મિત વર્ગખંડનું લોકાર્પણ

ચક્રવાત ટીમ પ્રાચી, તા.૨૨

પિખોરગામે નવનિર્મિત વર્ગખંડ પ્રાથમિક શાળાનું લોકાર્પણ માન્ય સાંસદ જૂનાગઢના રાજેશભાઈ ચુડાસમા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના યુવાનો દ્વારા સાંસદનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ નિવૃ ત આચાર્ય તરફથી તમામ વર્ગખંડમાં સ્વામિનારાયણ ભગવાનની પ્રતિમા આપવામાં આવી હતી. આ પ્રસંગે ગીર સોમનાથ જિલ્લાના ભાજપના મહામંત્રી સરમણભાઈ સોલંકી વજુભાઈ વાજા તથા ગીર સોમનાથ જિલ્લાના પુર્વ મહામંત્રી મહેન્દ્રભાઈ પીઠીયા તથા તાલાલા તાલુકાનાં પ્રમુખ વિમલભાઈ વારોડરીયા તથા તાલાલા તાલુકાનાં મહામંત્રી તનસુખગીરી તથા દેવાયત ભાઈ કરગઠીયા તથા જીલ્લા શિક્ષણ અધિકારી તથા તાલાલા તાલુકાનાં શિક્ષણ અધિકારી તથા સુત્રાપાડા તાલુકાના પ્રમુખ ભગવાનભાઈ બારડ તથા ધીરુભાઈ સોલંકી તથા તાલાળા તાલુકા પંચાયતના સદસ્ય નાગજીભાઈ ચૌહાણ તથા પિખોર ગામના સરપંચ ગોવિંદભાઈ વાઢીયાએ હાજરી આપી હતી.

# બરવાળા ખાતે બીઓબીમાં સોશિયલ ડીસ્ટન્સના ધજાગરા



ચક્રવાત ટીમ બોટાદ, તા.૨૨

બરવાળા ખાતે આવેલી બેંક ઓફ બરોડા શાખા માં લોકો પૈસાની લેવડદેવડ માટે લાંબી લાઈનો અને કતારો થવા પામેલ હતી. આ લાંબી કતારોમાં સોશિયલ ડીસ્ટન્સના ધજાગરા ઉડ્યા છે અને કોઈ વ્યક્તિ માસ્ક પહેરીને દેખાતા નથી. બેંક.ઓફ. બરોડા બરવાળા શાખા દ્વારા હાલના કોરોના મહામારી ના કારણે લોકોને મુશ્કેલી ન પડે તે હેતુસર કોઈપણ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવેલ ન હતી જેના કારણે લોકોની લાંબી લાઈનો અને કતારો જોવા મળે છે. તેમજ હાલમાં દેના બેન્ક અને બેંક. ઓફ.બરોડા મર્જ થતા લોકોને ખૂબ જ મુશ્કેલી પડી રહી છે અમુક લોકોને પાસબુક પણ મળતી નથી અને નાણાંની લેવડદેવડ માટે ખૂબ જ હેરાનગતિ ભોગવવી પડે છે તથા સિનિયર સિટીઝન માટે પણ અલગથી વ્યવસ્થા કરવામાં આવેલ નથી તેમજ હાલમાં જે સ્ટાફ છે તે અપુરતો છે આમ બરવાળા ખાતે આવેલ બેંક ઓફ બરોડા શાખા માં ગ્રાહકો અને લોકો હેરાન ગતિ અને પરેશાની ભોગવી રહ્યા છે અને લોકો માંગ કરી રહ્યા છે કે બેંક બરવાળા શાખા તરફથી ગ્રાહકો માટે સારી વ્યવસ્થા કરવામાં આવે.

# આરોગ્યકર્મીઓ સામેની પોલીસ ફરિયાદ રદ કરવા આવેદન અપાયું



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૨૨

છેલ્લા દસ દિવસથી ગુજરાત રાજ્યના પંચાયત વિભાગના વિવિધ કેડરના આરોગ્ય કર્મચારીઓ પોતાની વર્ષો જૂની અને વ્યાજબી માંગણીઓના સંતોષકારક નિરાકરણ માટે અચોકકસ મુદતની હડતાળ પર ગયેલ છે. પંચાયત વિભાગના આરોગ્ય કર્મચારીઓ દ્વારા અગાવ ૨-૨ વખત આંદોલન કરેલ અને સરકાર દ્વારા લેખિતમાં સૈદ્ધાંતિક મંજૂરી પણ આપવામાં આવેલ છે. એ વાતને આખું એક વર્ષ વીતિ જવા છતાં એક પણ પરિપત્ર આરોગ્ય કર્મચારીઓના હિતમાં થયેલ નથી તેથી કર્મચારીઓમા રોષની લાગણી અને હતાશા જોવા મળેલ છે. હાલ કોરોના જેવી મહામારી ફેલાયેલી હોય ગત માર્ચ-૨૦૨૦ એકપણ રજા લીધા વગર રાર્ષ્ટ્રસેવામા જોડાયેલા છે અને ભવિષ્યમાં પણ રહેશે. તેમ છતા પોતાની માંગણીઓ ની જાણ સરકારશ્રીમા કરતા રાજ્ય મહાસંઘ ના પ્રમુખ સહિતના અન્ય હોદેદારો વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરવામાં આવતા આરોગ્ય કર્મચારીઓ નારાજ થયેલ છે. આરોગ્ય કર્મચારીઓ વિરુદ્ધ આ પ્રમાણે પોલીસ ફરિયાદ થતા લોકો પણ આશ્ચર્ય પામી ગયેલ છે. કારણકે લોકો ને ખ્યાલ છે કે આરોગ્ય કર્મચારીઓ દિવસ રાત જોયા વગર કોરોના કાળમાં સતત હાજર રહી લોકસેવા રૂપી રાષ્ટ્ર સેવા કરેલ છે. તેથી જૂનાગઢ જીલ્લા પંચાયત આરોગ્ય કર્મચારી મંડળ દ્વારા પણ માનનીય કલેકટર સાહેબ, ડી. ડી. ઓ. સાહેબ, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી સાહેબ ને આવેદન આપી પોતાની લાગણીઓ વ્યક્ત કરેલ છે અને આ પોલિસ ફરિયાદ તાકીદે રદ કરવા અને સરકાર દ્વારા હડતાળનો સુઃખદ અંત આવે તે માટે જરૂરી કાર્યવાહી કરવા રજુઆત કરવામા આવેલ હતી.

# સુરેન્દ્રનગરના ધારાસભ્ય સહિત મોટી સખ્યામા ખેડૂતો રાજકોટ ખાતે ઉપસ્થિત રહ્યા



ચક્રવાત ટીમ, તા.૨૨

રાજકોટ ખાતે યોજાનાર ખેડુત સંમેલનમાં હાજરી આપનાર ખેડુત આગેવાનોને પહેલાથી જ પોલીસ દ્વારા નજર કેદ કરાયા હતા પરંતુ કેટલાક ખેડુતો ખાનગી રાહે રાજકોટ ખાતે યોજાનાર ખેડુત સંમેલનમાં ૫ હોચી મોટી સંખ્યામા હાજરી આપી હતી. સુરેદ્રનગરના ખેડુતોની સાથે ચોટીલાના ધારાસભ્ય ઋત્વિજ મકવાણા પણ સંમેલનમાં હાજરી આપવા ઉપસ્થિત રહ્યા હતા. આ અગાઉ ગઈકાલ મોડી સાંજે સુરેન્દ્રનગર જીલ્લાના ખેડુત આગેવાનો રામકુભાઈ કરપડા, રતનસિંહ જોડીએ, જે.કે.પટેલ સહિતના ઓને સ્થાનિક પોલીસે નજરકેદ કર્યા હતા પરંતુ અન્ય ખેડુતો તથા આગેવાનો દ્વારા ખાનગી રીતે રાજકોટ ખાતે કુચ કરી સંમેલનમાં હાજરી આપી હતી અને સુરેન્દ્રનગર જીલ્લાના ખેડુતો મોટી સંખ્યામાં હાજર રહી દિલ્હીના આંદોલનના સમઁથન કર્યું હતુ.

# ગીર સોમનાથ જિલ્લા કક્ષામાં “વસંતોત્સવ” ચિત્રસ્પર્ધાનું આયોજન

ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા.૨૧

મુખ્યમંત્રીશ્રી દ્વારા ગુજરાતના યુવાધનને યોગ તથા શારીરિક સશકત બનાવવાના હેતુથી વર્તમાન મોબાઈલ ટેકનોલોજીના વપરાશ સાથેના અભિગમથી “ મોબાઈલ ટુ સ્પોટ્ર્સ”ના અભિયાનની નવતર પહેલ કરી છે. હાલના કોરોના (કોવીડ-૧૯)ની મહામારીના વિષય સંજોગોમાં ફેસબુક,વ્હોટસ એપ, ઈન્સટાગ્રામ તથા વિડીયો ગેઈમ્સ જેવી પ્રવૃતિઓમાં અત્યંત કિમતી સમય વેડફતા યુવાધનની હકારાત્મક રીતે ક્રિયાશીલ કરવા રમત ગમતની પ્રવૃતિઓ તરફ આકર્ષિત કરવા એ સમયની તાતી જરૂરીયાત છે. યુવાધનનો શારીરિક અને માનસિક વિકાસ ઉત્તમ રીતે થાય તે હેતુથી સરકારે વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન “મોબાઈલ ટુ સ્પોટ્ર્સ” ની નવી યોજના મંજુર કરેલ છે. આ યોજનાને “મોબાઈલ ટુ સ્પોટ્ર્સ” ફેસબુક પેજ, યુ-ટ્યુબ ચેનલ, રેડિયો ક્વીઝ, ચિત્રસ્પર્ધા, ટેલીવિઝન તેમજ સોશિયલ મીડીયમ સબંધિત માધ્યમો દ્વારા ખ્યાતનામ ખેલાડીઓની વિગતો ઓડીયો/ વિડીયો કલીપ રજુ કરી યુવાનોને રમત ગમતની પ્રવૃતિઓ માટે પ્રેરણાસહ આકર્ષિત કરવામાં આવશે. આ હેતુને સુચારૂ પાર પાડવા રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજય લલિતકલા અકાદમીની કચેરી તથા જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી દ્વારા સંયુકત રીતે “વસંતોત્સવ” કાર્યક્રમ અંતર્ગત એક ચિત્રસ્પર્ધાનું આયોજ કરેલ છે. જેમાં ૮ થી ૧૩ (જન્મ તા.૩૧/૧૨/૨૦૨૦ ને ગણવાની રહેશે.વર્ષના બાળકો ભાગ લઈ શકશે. સ્પર્ધકે છ-૪ સાઈઝના ડ્રાઈંગ પેપર પરે “વસંતોત્સવ” વિષય પર પોતાની કૃતિ તૈયાર કરી તા. ૧૪/૦૨/૨૦૨૧ બપોરે ૧૨ કલાક સુધી પોતાના જિલ્લામાં આવેલ જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરીમાં મોકલવાનું રહેશે. રાજયકક્ષાની ચિત્રસ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ. ૨૫૦૦૦/- દ્વિતીય વિજેતાને રૂ. ૧૫૦૦૦/-, તૃતીય વિજેતાને રૂ. ૧૦૦૦૦/- એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ. ૫૦૦૦/- (પ્રત્યેકને) મુજબ આશ્વાસન ઈનામો આપવામાં આવશે. તમામ વિજેતાઓને ચિત્રકામની કીટ (ડ્રોઈંગ કીટ) આપવામાં આવશે. આ અંગેની વધુ માહિતી કચેરીનાં બ્લોગ એડ્રેસ youthofficergirsomnath.blogsprot.com તેમજ “મોબાઈલ ટૂ સ્પોટ્ર્સ” યોજના અંતર્ગત ફેસબુક પેજ https://www.facebook.com/mobile2sprots તેમજ યુ ટ્યુબ ચેનલની લીંક http://www.youtube.com/channel/UCzsjROvtHpN4rK_ensUaz-g પરથી મળી શકશે તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી ગીર સોમનાથની યાદીમાં જણાવાયું છે.

# મુંબઈ પોલીસ કમિશનર દ્વારા ગુનાખોરી કાબૂમાં રાખવા માટેનો એક અનોખો પ્રયોગ

## હવે ગુનેગારો પાસેથી સારી વર્તણુંક માટે ૨૫ હજારથી ૫૦ લાખના બોન્ડ લેશે



ચક્રવાત ટીમ, મુંબઈ ૨૨

મુંબઈમાં ગુનાખોરીને કાબૂમાં રાખવા માટે મુંબઈ પોલીસ કમિશનર પરમબીરસિંહે એક અનોખો અખતરો ચાલુ કરવાનો પ્લાન કરેલ છે. છે. તમામ પોલીસ સ્ટેશનને સુચના આપવામાં આવી છે કે પુનરાવર્તિત અપરાધીઓ પાસેથી સારા વર્તનની ગેરંટી ભરવામાં આવે અને ૩૦૪૩ અપરાધીઓ પાસેથી બોન્ડ લેવામાં આવ્યા છે. ખાસ વાત એ છે કે અગાઉ માત્ર ૫ થી ૧૦ હજારની ગેરંટી (બોન્ડ) લેવામાં આવતી હતી. આ વખતે રકમ હવે વધારીને ૨૫ હજારથી ૫૦ લાખ સુધીની કરવામા આવી છે. કોરોનાના લોકડાઉન પછી, મુંબઇ ધીરે ધીરે પરિસ્થિતી સુધરતી હોવાથી ગુનાઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ચોરી, સોનાની ચેન ચોરી, ઘરફોડ ચોરીની ઘટનાઓમા વધારો થઈ રહ્યો છે. પોલીસ કમિશનરે મુંબઈના ૯૪ પોલીસ મથકોને નિર્દેશ આપ્યો હતો કે, વારંવાર આવા ગુનાઓ કરનારા 'ટોપ ૨૫ ગુનેગારોની યાદી તૈયાર કરવામાં આવે. કેટલાક પોલીસ સ્ટેશનોએ ૨૫ થી વધુ ગુનેગારોની યાદી બનાવી છે, જેમાં ગંભીર અપરાધીઓની કુલ સંખ્યા ૩,૦૦૦ પર લાવી છે. આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ કક્ષાના અધિકારીને ખાસ કાર્યકારી મેજિસ્ટ્રેટનો હોદ્દો મળેલ છે. તે પ્રમાણે સીઆરપીસી ૧૧૦ હેઠળ નવેમ્બરથી આ તમામ અપરાધીઓ પાસેથી બોન્ડ લેવામાં આવ્યા હતા.. વર્તન આગામી ત્રણ વર્ષ સુધી સારું રહેશે. ગુનેગારો પાસેથી લેખિત ગેરંટી લેવામાં આવી છે કે કાયદો અને વ્યવસ્થા ખલેલ પહોંચાડશે નહીં અને તેમના દ્વારા કોઈ ગુનો કરવામાં આવશે નહીં. આસિસ્ટન્ટ પોલીસ કમિશનર પાસે ત્રણ વર્ષની મુદત થોડા દિવસો વધારવાનો અધિકાર છે. ભૂતકાળમાં, ગુનેગારોને બાંહેધરી માટે ૫,૦૦૦ થી ૧૦,૦૦૦ રૂપિયાના બોન્ડ આપવા પડતા હતા. જો કે, હવે રકમ વધારી દેવામાં આવી છે અને આપેલ બાંયધરી મુજબ વર્તન મળ્યું નથી, તો રકમ વસૂલ કરવામાં આવશે. એટલું જ નહીં, પરંતુ સહાયક પોલીસ કમિશનર, જેમને વિશેષ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટનો દરજ્જો છે, તે વોરંટ તોડવા બદલ ગુનેગારને જેલની સજા આપી શકે છે. પરિણામે, ગુનેગારો પર કાબુ રહેશે. અને તેઓ આ કામગીરી આગળ પણ ચાલુ રાખશે.તેમ પોલિસ સૂત્રોએ માહિતી આપી છે.

# નાંદેડમાં પાંચ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચર્યા બાદ હત્યા

ચક્રવાત ટીમ, મુંબઈ, ૨૨

નાંદેડમાં પાંચ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેની હત્યા કરવામાં આવી હોવાની નાંદેડ જિલ્લામાં બનેલી ઘટનામાં પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. ભોકર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના બુધવારે નાંદેડના દિવશી વિલેજમાં નદીકિનારે બની હતી. ૩૫ વર્ષનો આરોપી બાળકીના કુટુંબની માલિકીના ખેતરમાં મજૂર તરીકે કામ કરતો હતો. બુધવારે બપોરે આરોપી બાળકીને નજીકના નદીકિનારે લઈ ગયો હતો, જ્યાં તેની સાથે કથિત દુષ્કર્મ આચર્યું હતું. ત્યાર બાદ ગળું દબાવી તેની હત્યા કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. ઘટનાસ્થળ નજીકથી પકડાયેલા આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ પ્રમોદકુમાર શેવાળેએ જણાવ્યું હતું કે લગભગ બે વાગ્યાની આસપાસ પિતાએ બાળકીને આરોપી સાથે જોઈ હતી. બાદમાં સાંજે પાંચ વાગ્યાની આસપાસ બાળકી ગુમ હોવાનું જણાતાં પરિવારજનોએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# ધનંજય મુંડે વિરુદ્ધ બળાત્કારનો આરોપ પાછો ખેંચતી રેણુ શર્મા

## કૌટુંબિક કારણસર અને રાજકારણ થતું હોવાનું કારણ આપ્યું

ચક્રવાત ટીમ મુંબઇ તા ૨૨

મહારાષ્ટ્રના પ્રધાન ધનંજય મુંડે વિરુદ્ધ બળાત્કારની ફરિયાદ કરનારી રેણુ શર્માએ તેની ફરિયાદ પાછી ખેંચી લીધી છે તેમ જ મુંડે વિરુદ્ધ કોઈ પગલા ન લેવા પોલીસને વિનંત્તી કરી છે. કૌટુંબિક કારણસર તેમ જ આ મામલે રાજકારણ થતું હોવાથી તેણી પોતાની ફરિયાદ પાછી લેતી હોવાનું જણાવ્યું હતું. બળાત્કારની ફરિયાદ પાછી ખેંચવાના કારણે મુંડેને સૌથી મોટી રાહત મળી છે. આ આરોપને કારણે રાજ્યમાં રાજકારણમાં ગરમાટો આવ્યો હતો અને બીજેપી દ્વારા મુંડેનું રાજીનામું માંગવામાં આવ્યું હતું. દરમિયાન બીજેપીની મહિલા વિભાગની પ્રમુખ ચિત્રા વાઘે રેણુ શર્મા પર કાયદાકીય પગલાં લેવાની માગણી કરતાં જણાવ્યું હતું કે આવી ખોટી ફરિયાદ કરનારી મહિલાઓ પર કાનૂની પગલા લેવા જોઈએ અન્યથા ભવિષ્યમાં કોઈ સાચી મહિલા ફરિયાદ કરશે તો તેની પર વિશ્વાસ મૂકતા પહેલા લોકો વિચારશે અને તેને સહન કરવું પડશે. ધનંજય મુંડે પર રેણુ શર્માએ બળાત્કારનો આરોપ કરી પોલીસમાં ફરિયાદ કરી હતી જો કે મુંડેએ આ તમામ આરોપો ને ફગાવી બ્લેકમેઈલ હોવાનુ જણાવ્યુ હતું. જો કે ફરિયાદી મહિલાની બહેન સાથે પોતાને સંબંધ હોવાનું કહી તેના થકી બે સંતાન હોવાનું અને તેમને પોતાનુ નામ આપી ઉછેર કરી રહ્યો છે તેમ ફેકબુકમાં જણાવ્યું હતું. પક્ષના વડા શરદ પવારે પણ પોલીસ તપાસનો અહેવાલ આવે નહિ ત્યાં સુધી કોઈ પગલા ન લેવાની જાહેરાત કરી હતી. ફરિયાદી મહિલા રેણુ શર્મા પર બીજેપી નેતા કૃષ્ણ હેગડે ઉપરાંત મનસે નેતા મનીષ ધુરી અને જેટ એરવેઝના અધિકારી રિઝવાન દ્વારા પણ તેણી ઓળખાણ કરી બ્લેકમેઈલ કરતી હોવાનું જણાવાયું હતું.

# ગેરકાયદે ઓનલાઈન લોટરી ચલાવનારા પકડાયા : વેબસાઈટ અને એપ વડે ઓનલાઈન ચાલતા પાંચ લોટરી સેન્ટર

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૨

વેબસાઈટ અને વિવિધ એપ બનાવીને ગેરકાયદે ઓનલાઈન લોટરી ચલાવનારાં પાંચ લોટરી સેન્ટર પર દરોડા પાડી ક્રાઈમ બ્રાન્ચે આઠ જણની ધરપકડ કરી હતી. ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૧૧ના ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર સુનીલ માનેની ટીમે બાન્દ્રા અને ખાર પૂર્વના વિસ્તારમાં બુધવારે આ કાર્યવાહી કરી હતી. પકડાયેલા આરોપીઓ રાજેશ અમર કિરાડ (૪૨), રોહિત અશોક તાટે (૩૦), ગોપાલ જગદેવ સિંહ (૪૮), ઈમરાન શમસુદ્દીન શેખ (૪૦), સંજય હનુમંત ગિરિ (૪૨), મનોજ મંગલ પંડિત (૨૯), વિશાલ સંતોષ દુબે (૨૩) અને અનિલ દત્તારામ વારંગ (૩૫) વિરુદ્ધ નિર્મલનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. ગેરકાયદે ઓનલાઈન લોટરી ચલાવીને સરકારને મહેસૂલ ન ચૂકવી નુકસાન પહોંચાડનારાં લોટરી સેન્ટરો પર કાર્યવાહીનો આદેશ ક્રાઈમ બ્રાન્ચને અપાયો હતો. બાન્દ્રા પૂર્વમાં ખેરનગર ખાતે ગેરકાયદે ઓનલાઈન લોટરી સેન્ટર હોવાની માહિતી ઈન્સ્પેક્ટર સુનીલ માનેને મળી હતી. આસિસ્ટન્ટ પોલીસ કમિશનર પંઢરીનાથ વાવ્હળના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમે બાન્દ્રાના લોટરી સેન્ટર પર રેઈડ પાડી હતી. આ લોટરી સેન્ટરના માલિકે આપેલી માહિત પરથી વધુ ચાર સેન્ટર પર પોલીસ ત્રાટકી હતી. પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપીઓએ વેબસાઈટ તૈયાર કરી સરકાર માન્ય લોટરી જેવી જ એપ બનાવી હતી. આ એપની મદદથી ગ્રાહકોને લોટરી આપવામાં આવતી હતી. પોલીસે આઠ મોબાઈલ ફોન, ૫૧ હજારની રોકડ અને કમ્પ્યુટર્સ, વાઈફાઈ રાઉટર સહિતનાં સાધનો જપ્ત કર્યાં હતાં. કોર્ટે ૨૭ જાન્યુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી આરોપીઓની વધુ પૂછપરછ ચાલી રહી છે.

# સત્ય સાંઈ બાબાની બાયોપિક ૨૯ જાન્યુઆરીએ ભારતભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે



ચક્રવાત તીમ, મુંબઈ ૨૨

સ્વર્ગસ્થ ગોડમેન સત્ય સાઈ બાબાની બાયોપિક ઓમ શ્રી સત્ય સાઈ બાબા ૨૯ જાન્યુઆરીએ દેશના સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. સિંગા અનૂપ જલોટા આ ફિલ્મમાં સાંઇ બાબાની ભૂમિકામાં જોવા મળશે. અનૂપ જલોટાએ કહ્યું, "મને નથી લાગતું કે સત્ય સાંઈ બાબા કરતા મોટો કોઈ સુપરસ્ટાર છે. હવે સિનેમાઘરોમાં ઘણી ફિલ્મો રિલીઝ થતી નથી, પરંતુ આપણી ફિલ્મ દેશ અને દુનિયાભરમાં રિલીઝ થશે. હજી ૭ દિવસ બાકી છે. થોડા દિવસો પહેલા એક મુલાકાતમાં અનૂપ જલોટાએ કહ્યું હતું કે, "તે ૫૫ વર્ષ પહેલા લખનૌમાં૧૨ વર્ષની ઉમરે પોતે સત્ય સાઈ બાબાને પહેલી વાર મળ્યા હતા. મારા પિતાના સ્તોત્રો સાંભળીને આશીર્વાદ આપ્યા, હતા.ત્યારથી જ તેઓ બાબાના સંપર્કમાં રહ્યા છે. છું. તેમને અનેક વખત પુત્પાર્થિમાં તેમના આશ્રમમા તેમજ મુંબઈ, દિલ્હી, બેંગલુરુ અને ઉટીમાં તેમને મળ્યા છે. સત્ય સાંઈ બાબાના જીવન પર આધારિત આ બાયોપિક ૨૯ જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થશે. તે હિન્દી, અંગ્રેજી, તેલુગુ અને મરાઠીમાં રજૂ કરવામાં આવશે. વિકી રાણાવત દિગ્દર્શિત આ ફિલ્મમાં અનૂપ જલોટા ઉપરાંત મુખ્ય ભૂમિકામાં જેકી શ્રોફ, સાધિકા રંધાવા, ગોવિંદ નામદેવ, અરૂણ બક્ષી, સુધીર દલવી અને મુસ્કાન ખાન પણ છે. આત્મન ફિલ્મ્સના બબ્બન રાવ ઘોલાપે એ વન ક્રિએશનના બાલકૃષ્ણ શ્રીવાસ્તવ દ્વારા નિર્માણિત ફિલ્મ પ્રસ્તુત કરી છે. આ ફિલ્મ સુભાષ સહગલ, અંકિતા અને નિકિતા શ્રીવાસ્તવ સહ-નિર્માતા છે. બાપ્પા લહિરીએ ફિલ્મનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક આપ્યું છે અને સચિન્દ્ર શર્માએ ફિલ્મની સ્ટોરી લખી છે.

# વસઈ-વિરારમાં વિવા હોમ્સના ઘર અને ઓફિસ પર ઈડીની રેઈડ

## સંચાલકની ઓફિસની બહાર એસઆરપીના જવાનો તહેનાત કરાયા

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૨,

પીએમસી બેંકના આર્થિક ગોટાળા સંદર્ભે ઈડી દ્વારા વિવા હોમ્સ ગ્રૂપના વસાઈ વિરાર ઉપરાંત પાલઘર mira ભાયંદર અને મુંબઈમાં આવેલી તેમની ઓફીસ અને નિવાસ્થાન પર રેઈડ પાડી સર્ચ શરૂ કર્યું હતું. પીએમસિ બેન્ક કૌભાંડના આરોપી પ્રવીણ રાઉત સાથે વિવા ગ્રૂપના આર્થિક સંબંધોને લઇ આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે વિવા ગ્રુપ બહુજન વિકાસ આઘાડીના અધ્યક્ષ અને વસઈના વિધાનસભ્ય હિતેન્દ્ર ઠાકુરનું છે. અહી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સંચાલકની ઓફિસની બહાર એસઆરપીના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. પ્રાથમિક માહિતી અનુસાર ઈડીએ વહેલી સવાર ૬ વાગ્યાથી હિતેન્દ્ર ઠાકુરની સાથે સંકળાયેલ વિવા જૂથની તમામ સંપત્તિઓ અને અન્ય સ્થળ પર સર્ચ ચાલુ કરી હતી. આશરે ૬ જેટલા સ્થળ પર આ સર્ચ ચાલુ છે. યસ બેંક અને પીએમસી બેંક કૌભાંડના મામલે કેસમા સંડોવણીની શંકાએ છાપો મારવામા આવ્યાનું ચર્ચાય રહ્યુ છે. પ્રવીણ રાઉતની પૂછપરછમાં વિવા ગ્રૂપ નાણાના વ્યવહારમાં સામેલ હોવાનુ પણ બહાર આવ્યું છે. આથી તપાસ માટે રેઈડ કરવામાં આવી રહી હોવાની શક્યતા છે. મીરા ભાઈંદર, વસઈ-વિરાર પાલઘરમાં પણ ઈડીના દરોડા ચાલી રહ્યા છે; વિવા ગ્રૂપના ૬ જેટલા પરિસરમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે. પરંતુ હજી સુધી કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી. આ રેડ મોડી રાત સુધી ચાલુ હતી. પ્રવિણ રાઉત તે એચડીઆયએલની પેટા કંપની ગુરુઆશિષ કંન્સ્ટ્રક્શન કંપનીમા ભુતપૂર્વ સંચાલક હતો.ઈડીની માહિતી પ્રમાણે પ્રવિણ રાઉતે ૯૫ કરોડમાથી ૧ કરોડ ૬૦ લાખ રૂપિયા પોતાની પત્નીના ખાતામા ટ્રાન્સફર કર્યા હતા, તેમજ તેની પત્નીએ તેમાથી ૫૫ લાખ રૂપિયા શિવસેનાના સંસદ સંજય રાઉતની પત્ની વર્ષા રાઉતને લોન પેટે આપ્યા હતા,જે ઈડીની પૂછપરછ બાદ વર્ષા રાઉતે લોન પાછી પ્રવિણ રાઉતની પત્નીને ચૂકવી દીધી હોવાનું જાણવા મળે છે.

# નશા માટે કોડીન ફોસ્ફેટની સિરપનો ઉપયોગ ૧૨,૫૦૦ બોટલ સહિત આરોપીની અટક

## અન્ય કેમિસ્ટને નામે સિરપની બોટલ મંગવતા કૌભાંડ પકડાયુ



ચક્રવાત ટીમ, મુંબઈ ૨૨

મુંબઈની સકીનાકા પોલીસે ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનની મદદથી મોટી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે નશા માટે વેચાતી ડ્રગ કોડીન ફોસ્ફેટવાળી સીરપની ૧૨,૫૦૦ બોટલ કબજે કરી છે. આ કેસમાં એક આરોપીની અટક કરવામાં આવી છે. સાકીનાકા પોલીસ સ્ટેશનની હદમા ૧૭ જાન્યુઆરીએ એક કુરિયર કંપનીમા મુબારક કેમિસ્ટના નામે સીરપની ૧૨,૫૦૦ બોટલો મંગાવવામા આવી હતી. તેની તપાસણી માટે કુરિયર કંપનીની ઓફિસમાથી મુબારક કેમિસ્ટને ફોન કરી બોલાવવામા આવ્યો હતો. તેણે આ માલ પોતે મંગાવ્યો ન હોવાનું જણાવ્યુ હતુ. કુરિયર કંપની દ્વારા ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન અને સાકીનાકા પોલીસને જાણ કરવામા આવી હતી. ૧૮ જાન્યુઆરીથી પોલીસે માલ મંગાવનાર વ્યક્તિની શોધ શરૂ કરી હતી. છટકું ગોઠવીને આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. સામાન ઉત્તર પ્રદેશથી મંગાવવામા આવ્યો હતો અને ભિવંડી લઈ જવાનો હતો. આ બોટલ પર ઉત્પાદનની તારીખ તેમજ ઉપયોગની છેલ્લી તારીખ કાઢી નાખવામા આવી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં માલ નશામાં વાપરવા મંગાવવામા આવ્યો હોવાનું બહાર આવ્યું હતુ. પોલિસે એક આરોપીની અટક કરી માલ જપ્ત કર્યો.

# પાંચ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ કરનાર નરાધમ રિક્ષાચાલકને જન્મટીપની સજા

ચક્રવાત ટીમ, મુંબઈ, ૨૨

વિશેષ પોક્સો કોર્ટે દ્વારા ૨૦૧૫મા ગોરેગાંવમાં પાંચ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચરનારા ઓટો રિક્ષા ચાલકને આજીવન કેદની સજા ફટકારી છે. વિશેષ ન્યાયાધીશ ભારતી કાળે બુધવારે આરોપી શિવ કુમાર ઉર્ફે શિવ રાણાને પોક્સો એક્ટ હેઠળ દોષી ઠેરવ્યા છે. આ ઘટના ૨૦૧૫ માં બની હતી. બાળકી દૂધ ખરીદ્યા બાદ ઘરે પાછી ફરી રહી હતી, રસ્તામાં આરોપીએ તેને ઘેરે છોડવાની ઓફર કરી હતી આરોપી બાળકીને આરે કોલોનીના જંગલવાળા વિસ્તારમાં લઈ ગયો હતો અને તેની પર દુષ્કર્મ ગુજાર્યા કર્યા બાદ ઓટો રિક્ષામાંથી ફેંકી દીધી હતી. કોર્ટમા જણાવવામા આવ્યું હતું કે ત્યાંથી પસાર થઈ રહેલા બાઇક સવારે બાળકીને રડતા જોઇને તેને પોલીસ સ્ટેશન લઈ ગયો હતો. પોલીસ તેને હોસ્પિટલમાં લઈ ગઈ. હતી બાળકી માતાએ કોર્ટમા જણાવ્યું હતુંકે તેની પુત્રીને ગંભીર ઈજાઓ થઈ હતી અને તે ત્રણ-ચાર મહિના સુધી હોસ્પિટલમાં રહી હતી. વિશેષ સરકારી વકીલ ગીતા શર્માએ જણાવ્યું હતું કે આ કેસમાં બાળકીના માતાપિતા અને ડોકટરો સહિત ૨૯ સાક્ષીઓની ક્રોસ તપાસ કરવામાં આવ્યા હતા.

# મુસાફરો માટે સેન્ટ્રલ રેલ્વે ડિજિલોકરની સુવિધા શરૂ કરશે

ચક્રવાત ટીમ, મુંબઈ,૨૨

મધ્ય રેલ્વેએ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસની સાથે લોકમાન્ય તિલક ટર્મિનસ અને દાદર રેલ્વે સ્ટેશન પર ડિજિલોકર્ની સુવિધા આપવાનું શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. મુસાફરો આ ડિજિલોકરનો ઉપયોગ પ્રથમ આવનારાને અગ્રતાક્રમ ધોરણે મેળવી શકશે. સામાન અથવા કિંમતી ચીજો રાખવા માટે પ્રથમ લોકર પસંદ કરવું આવશ્યક છે. સામાન મૂક્યા પછી, સંબંધિત મુસાફરોને બારકોડ સાથે રસીદ આપવામાં આવશે. આ રસીદને ડિજિલોકર પરના માલને પાછું મેળવવા માટે સ્કેનર પર સ્કેન કરવાથી યોગ્ય લોકર ખુલશે. ઓલાઈન ચુકવણી સાથે રસીદ ઓનલાઇન ઉપલબ્ધ કરવામાં આવશે. આ મુસાફરોની રસીદ ગુમ થવાની ચિંતા દૂર કરશે. આ સેવા માટે ફી લેવામા આવશે. મધ્યસ્થ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શિવાજી સુતરે જણાવ્યું કે, બિન-વાજબી આવક(નો લોસ નો પ્રોફિટ)ના મોડેલ મુજબ સુવિધા રેલવે સ્ટેશન પર શરૂ કરવામાં આવશે.

# મુંબઈના પશ્રિમ રેલ્વે સ્ટેશનો પર હવે સલૂન સેવા મળશે

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૨

ઘડિયાળના કાંટે દોડનારા મુંબઇકારોનો થાક દૂર કરવા માટે રેલ્વે સ્ટેશન પર કેટલીક જરૂરી સુવિધાઓ આપવામાં આવી રહી છે. પશ્ચિમ રેલ્વેએ મુંબઈ સેન્ટ્રલ સહિતના છ રેલ્વે સ્ટેશનો પર એરકંડિશન્ડ સલુન્સ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. સ્ત્રી અને પુરુષ બંને આ સુવિધાનો ઉપયોગ કરી શકશે. મુસાફરોની દૈનિક જરૂરિયાતોને પહોંચી વળવા રેલ્વે સ્ટેશન પર ઉપલબ્ધ જગ્યાનો ઉપયોગ કરવા પહેલ કરવામાં આવી છે. પશ્ચિમ રેલ્વેના અધિકારીઓએ જણાવ્યું હતુ કે, રેલવે સ્ટેશન પર મુસાફરોની ભીડની સમસ્યા નડશે નહિ. તતે ઠેકાણે સલૂન ઉભા કરવામાં આવશે. અંધેરી રેલ્વે સ્ટેશન પર બે અને મુંબઈ સેન્ટ્રલ, ગોરેગાંવ, કાંદિવલી, બોરીવલી અને સુરત રેલ્વે સ્ટેશન પર એક-એક સલૂન બનાવવામાં આવશે. મુસાફરો સલૂનનો લાભ સવારે ૬૬ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી લઈ શકશે. અહીંના મુસાફરોને ડિજિટલ પેમેન્ટ વિકલ્પો પણ ઉપલબ્ધ થશે. વાતાનુકૂલિત સલૂન મુસાફરોને વાજબી દરે માથાની મસાજ અને ચહેરાના મસાજ સહિતના હેરડ્રેસીંગ સલૂનની તમામ સુવિધાઓ આપશે. સલૂન માટે, દરેક પસંદ કરેલા રેલ્વે સ્ટેશન પર લીઝ પર ૨૫૬ ચોરસ ફૂટ જગ્યા આપવામાં આવશે. કરાર પાંચ વર્ષ માટે રહેશે. આ સ્થાનની જાળવણી કિંમત સંબંધિતને બંધનકર્તા રહેશે. જો કોન્ટ્રાક્ટર નિયમોનું ઉલ્લંઘન કરશે કે મુસાફરો તરફથી કોઈ ફરિયાદ મળશે, તો કોન્ટ્રાક્ટરને ૧૦,૦૦૦ રૂપિયા દંડ ચૂકવવાનું આયોજન કરવામા આવ્યુ છે. રેલ્વે સ્ટેશનના દરેક સલૂનમાં કંપ્લેઈનબુક રાખવી ફરજિયાત કરવામાં આવ્યું છે, એમ પશ્ચિમ રેલ્વેના અધિકારીઓએ જણાવ્યું હતું. પશ્ચિમ રેલ્વેના છ સ્ટેશનો પર કુલ સાત એરકંડિશન્ડ સલુન્સ ઉભા કરવામાં આવશે. આ માટે, પશ્ચિમ રેલ્વે તરફથી અભિવ્યક્તિ (EOI) આમંત્રણ અપાયું હોવાની માહિતી પશ્રિમ રેલ્વેના જનસંપર્ક અધિકારી સુમિત ઠાકુરે આપી છે.

# ડીવાઈ.એસ.પી. વિરુદ્ધ બળાત્કારનો કેસ

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૨

એક ૩૧ વર્ષીય મહિલા પોલીસ અધિકારીએ તેના લગ્નના બહાને બળાત્કારનો આરોપ લગાવ્યા બાદ ડીવાયએસપી વિરુદ્ધ રફી અહમદ કિડવાઈ માર્ગ પોલિસ સ્ટેશનમાગુનો નોંધવામાં આવ્યો છે. આ ઘટના જાન્યુઆરીથી ઓગસ્ટ ૨૦૧૯ની વચ્ચે બની હતી, જ્યારે આરોપીની નિમણુંક મુંબઈમાં આસિસ્ટન્ટ પોલીસ કમિશનર(એસીપી) પદે થઈ હતી અને ભોગ બનનાર પિડિતા તેની આસિસ્ટંન્ટ તરીકે કામ કરતી હતી. આરોપી પરિણિત હોવાનુ છુપાવ્યુ હતુ. તેમજ આરોપીએ પોતે અપરિણિત હોવાનું જણાવી લગ્નની લાલચ બતાવી શારિરીક સબંધ બાંધતો હતો.પિડિતા પરિણિત હોવાથી આરોપી સાથે લગ્ન કરવા પોતાના પતિ પાસેથી છુટાછેડા લીધા હતા. પિડિતાએ આરોપ લગાવ્યો હતો કે આરોપીએ તેની સાથે વર્ષ ૨૦૧૯ માં લગ્ન કરવાનું વચન આપ્યા બાદ બળાત્કાર ગુજાર્યો હતો, પરંતુ બાદમાં તેણે તેને ટાળવાનું શરૂ કરી દીધું હતું, જેને લઈને મહિલાએ પોતાની જાતને છેતરપિંડીની લાગણી અનુભવતા, તેણે વિશકા સમિતિ (કાર્યસ્થળ પર જાતીય સતામણી અંગે) પર સંપર્ક કર્યો હતો અને આંતરિક તપાસ બાદ ડીવાયએસપી સામે ગુનો નોંધવામાં આવ્યો હતો, ડીવાયએસપીની હજુ સુધી ધરપકડ થઈ નથી અને તેની તપાસ ચાલી રહી છે. હાલમાં તે રાજ્યના મરાઠાવાડા વિસ્તારમાં પોસ્ટ કરાયેલ ડીવાયએસપી છે.

# ડ્રગ્સની કમાણીમાંથી હવાલાથી આતંકવાદીઓને સહાય

## દાઉદનું ડ્રગ્સનું નેટવર્ક ખતમ થશે

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૨

અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ મુંબઈમાં ડ્રગ્સનું વેચાણ કરીને તેમાથી મળતા રૂપિયા આતંકવાદીઓને ને મદદ કરતો હોવાની માહિતી બહાર આવી છે. એન્ટી ડ્રગ સ્કવોડ્સ દ્વારા ધરપકડ કરાયેલા ગેંગસ્ટર ચિંકુ પઠાણની પૂછપરછમા આ માહિતી મળી છે. છેલ્લાં પાંચ વર્ષમાં રૂ. ૧૫૦૦ કરોડથી વધુ કિમતનું ડ્રગ્સ વેચાવામા આવ્યુ છે. એન્ટી ડ્રગ સ્કવોડ છેલ્લા કેટલાક દિવસોથી મુંબઈમાં ડ્રગના વેપારીઓ પર છાપો મરીને તેઓની કમ્મર તોડી નાખી છે. કામગીરી દરમિયાન ડ્રગ વિરોધી ટુકડીએ ગેંગસ્ટર ચિંકુ પઠાણની ધરપકડ કરી હતી. તેના કબજામાંથી મળી આવેલી ડાયરીમાંથી ચોંકાવનારી માહિતી બહાર આવી છે. દાઉદના સાથીઓ છેલ્લા કેટલાક દિવસોથી મુંબઈમાં ડ્રગ્સ વેચતા હતા અને દાઉદને પૈસા મોકલતા હતા. પૈસા હવાલા માર્ગે મોકલવામાં આવતા હતા. છેલ્લા પાંચ વર્ષમાં, તસ્કરોએ ૧૫૦૦ કરોડની કિમતનું ડ્રગ્સ વેચ્યુ હોવાનું બહાર આવ્યુ છે. જેનો ઉપયોગ દાઉદ દ્વારા આતંકવાદી પ્રવૃત્તિઓ કરવા માટે કરવામાં આવ્યો હતો. દરમિયાન, એનસીબી સ્કવોડના અધિકારી સમીર વાનખેડેએ આજે પણ મોટી કાર્યવાહી કરી છે. વાનખેડેએ ડોંગરી વિસ્તારમાં પ્રવેશ કરીને ૪ સ્થળોએ છાપો માર્યો હતો. ડ્રગ માટે ઉપયોગમા લેવાતા દાઉદના અડ્ડાઓ પર કાર્યવાહી કરવામાં આવી છે. સમીર વાનખેડેએ દાવો કર્યો છે કે દાઉદની અન્ય એક સાથીદારની ધરપકડ કરવામાં આવી છે. થોડા દિવસોમાં દાઉદની મુંબઈથી ડ્રગ્સનો વ્યવસાયનો અંત આવશે. ગાયકવાડે માહિતી આપી હતી કે દાઉદના સાથીદારોની દ્વારા ડ્રગ્સની દાણચોરી કરીને કમાયેલી સંપત્તિ જપ્ત કરવામાં આવશે. ચિંકુ પઠાણ પાસેથી એક ડાયરી મળી છે, ઘણા તસ્કરો અને ગ્રાહકોના નામ પ્રકાશમાં આવ્યા છે. તેમાં કેટલાક ઉદ્યોગપતિઓ અને હસ્તીઓનાં નામ છે. ગાયકવાડે એ પણ સ્પષ્ટતા કરી હતી કે એનસીબી જલ્દીથી તેની તપાસ કરશે.

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૫૨૮ અને ચાંદીમાં રૂ.૧,૩૯૨નો ઘટાડો

ચક્રવાત ટીમ, મુંબઈ, ૨૨

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૦૮૦૩૦ સોદામાં રૂ. ૧૩૭૦૪.૪૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવ ઘટી આવ્યા હતા. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨૮ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૧,૩૯૨ તૂટ્યો હતો. તમામ બિનલોહ ધાતુઓ અને એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટન, સીપીઓ અને રબરના વાયદા ઘટ્યા હતા, જ્યારે મેન્થા તેલ સુધર્યું હતું. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૩૧૫૬૭ સોદાઓમાં રૂ. ૭૧૭૩.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૯૩૫૫ ખૂલી, ઊપરમાં રૂ. ૪૯૩૯૯ અને નીચામાં રૂ. ૪૮૮૨૫ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૨૮ ઘટીને રૂ. ૪૮૯૨૦ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૩૫ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૯૨૫૯ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૯ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૮૩૭ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૧૭ ઘટીને બંધમાં રૂ. ૪૮૯૦૧ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૬૭૦૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૬૭૦૦૦ અને નીચામાં રૂ. ૬૫૭૫૧ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૩૯૨ ઘટીને રૂ. ૬૫૯૦૮ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ. ૧૩૭૩ ઘટીને રૂ. ૬૫૮૯૮ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ. ૧૩૫૨ ઘટીને રૂ. ૬૫૯૦૧ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૭૬૬૦ સોદાઓમાં રૂ. ૧૮૨૧.૮૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૮૫૯ ખૂલી, ઊપરમાં રૂ. ૩૮૫૯ અને નીચામાં રૂ. ૩૭૭૬ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૧૦ ઘટીને રૂ. ૩૭૮૪ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૫૬૪૬ સોદાઓમાં કુલ રૂ. ૬૮૭.૧૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જાન્યુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ. ૨૧૧૭૦ ખૂલી, ઊપરમાં રૂ. ૨૧૩૧૦ અને નીચામાં રૂ. ૨૧૧૧૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૦ ઘટીને રૂ. ૨૧૧૮૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૯૨૨.૮ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૨ ઘટીને બંધમાં રૂ. ૯૧૮.૪ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ. ૯૫૬.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૬૫ અને નીચામાં રૂ. ૯૫૬.૫ રહી, અંતે રૂ. ૯૬૨ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૧૨૧૬ ખૂલી, ઊપરમાં રૂ. ૧૨૨૫ અને નીચામાં રૂ. ૧૨૧૬ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે કોઈ ફેરફાર વગર રૂ. ૧૨૧૯.૫ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૩૨૧૨૩ સોદાઓમાં કુલ રૂ. ૩૬૯૭.૧૭ કરોડ ની કીમતનાં ૭૫૧૨.૯૭૧ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૯૯૪૪૪ સોદાઓમાં કુલ રૂ. ૩૪૭૬.૭૨ કરોડ ની કીમતનાં ૫૨૩.૪૯૯ ટન, ક્રૂડ તેલમાં ૪૯૧૯ સોદાઓમાં રૂ. ૨૮૬.૩૫ કરોડનાં ૭૪૯૨૦૦ બેરલ્સ, કોટનમાં ૨૦૦૪ સોદાઓમાં રૂ. ૨૧૪.૦૬ કરોડનાં ૧૦૦૦૭૫ ગાંસડી, સીપીઓમાં ૩૪૫૦ સોદાઓમાં રૂ. ૪૬૦.૦૦ કરોડનાં ૪૯૯૯૦ ટન, મેન્થા તેલમાં ૧૦૦ સોદાઓમાં રૂ. ૧૧.૨૯ કરોડનાં ૧૧૬.૬૪ ટન, કપાસમાં ૩૪ સોદાઓમાં રૂ. ૮૫.૩૯ લાખનાં ૧૪૦ ટનના વેપાર થયા હતા.

# વાંકાનેર સરકારી હોસ્પિટલ ખાતે ૮૦ જેટલા આરોગ્ય કર્મચારીઓને કોરોના રસી અપાઇ

ચક્રવાત ટીમ, વાંકાનેર, તા.૨૨

વાંકાનેર સરકારી હોસ્પિટલ ખાતે આજે જીલ્લા આરોગ્ય તંત્ર દ્વારા કોરોના વોરિયર્સ એવા આરોગ્ય કર્મચારીઓ માટે કોરોના રસીકરણનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વાંકાનેર વિસ્તારના ૮૦ જેટલા આરોગ્ય અધિકારી/કર્મચારીઓને કોરોના રસી (વેક્સિન) આપવામાં આવી હતી. વાંકાનેર સરકારી હોસ્પિટલ ખાતે આજે મોરબી જિલ્લા આરોગ્ય અધિકારી ડો. કતીરા સાહેબની હાજરીમાં ફ્રન્ટ લાઇન કોરોના વોરિયર્સ એવા આરોગ્ય અધિકારી/કર્મચારીઓ માટે કોરોના રસીકરણનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં વાંકાનેર વિસ્તારના ૮૦ જેટલા આરોગ્ય અધિકારી/કર્મચારીઓને કોરોના રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. આ રસીકરણમાં દરેક અધિકારી-કર્મચારીએ રસપૂર્વક રસીકરણની પ્રક્રિયામાં ભાગ લઇ રસીકરણની પ્રક્રિયાને સફળતા પૂર્વક પાર પાડી હતી. આ સાથે જ રસી લીધા બાદ કોઇપણ અધિકારી/કર્મચારીઓને આડઅસર થયેલ ન હતી. વાંકાનેર સરકારી હોસ્પિટલ ખાતે આયોજિત આ રસીકરણ કાર્યક્રમમાં મોરબી જિલ્લા આરોગ્ય અધિકારી ડો. કતીરા, વાંકાનેર બ્લોક હેલ્થ ઓફિસર ડો. આરીફ શેરસીયા, વાંકાનેર સિવિલ હોસ્પિટલ સુપ્રિટેન્ડેન્ટ ડો. ફાલ્ગુની ત્રિવેદી, આર.સી.એચ.ઓ. ડો. વિપુલ કારોલીયા, ડો. નિરવ વ્યાસ, ડો. હાર્દિક રંગપરિયા સહિતના આરોગ્ય અધિકારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

ગીર સોમનાથ જીલ્લા અને દીવના પ્રમુખ તરીકે મિતેષ પરમાર અને પ્રભારી તરીકે દિપકભાઇ કક્કડને જવાબદારી સોંપાઈ

# અખીલ ભારતિય પત્રકાર સુરક્ષા સમિતિમાં ગીર સોમનાથ જિલ્લાના હોદ્દેદારોની નિમણૂંક

ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા.૨૨

અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ એ ભારતની પત્રકારોના હીત અને અધિકાર માટે લડત આપતી દિલ્હીથી રજીસ્ટ્રેશન થયેલ સંસ્થા છે. જેમના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે જીગ્નેશ ભાઈ કાલાવાડીયા સેવા આપી રહ્યા છે.

આ સંસ્થા દ્વારા મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણી, વિરોધ પક્ષના પૂર્વ નેતા શંકરસિંહ વાઘેલા સહીત ઉચ્ચકક્ષાએ પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સહીતને મળી પત્રકારોના હીત અને અધિકાર માટે રજૂઆત કરાઈ છે. ભારતમા મોટાભાગના રાજયોમા તથા ગુજરાત ના તમામ જીલ્લામા સંગઠનની રચના થયેલ છે અને તાજેતરમા ટૂકા સમયમા જ ગુજરાત પ્રદેશની પણ નવી ટીમની જાહેરાત થવાની છે ત્યારે હાલના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગુજરાતના કાર્યકારી અધ્યક્ષ જીગ્નેશ ભાઈ



કાલાવાડીયા દ્વારા ગીર સોમનાથ જીલ્લા અને દીવના પ્રમુખ તરીકે મિતેષ પરમાર અને પ્રભારી તરીકે દિપકભાઈ કક્કડને નિમણૂક કરાયા છે

ત્યારે આ જવાબદારી છેલ્લા બે વર્ષથી સંભાળતા આવ્યા જ છે અને ફરી તેમના શિરે જવાબદારી સોપવામા આવી છે સાથે અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતીનુ દિલ્હીથી થયેલ રજીસ્ટ્રેશન નંબર સાથેનુ સર્ટીફીકેટ અને પત્રકારોની નિમણૂક ફોર્મ, રજીસ્ટ્રેશન ફોર્મ આપવામા આવેલ છે.

ટૂકા દિવસોમા જ ગીર સોમનાથ જીલ્લામા એકટીવ અને પત્રકારોના હીત માટે સતત કાર્યરત રહી શકે તેવા પત્રકાર ભાઈઓ-બહેનોની નિમણૂક કરવામા આવશે તેમજ દરેક પત્રકારોને આગામી દિવસોમા રજીસ્ટ્રેશન નંબર સાથેના કાર્ડ પણ આપવામા આવશે તેમ જીગ્નેશ ભાઈ એ જણાવેલ હતુ. વધુમાં જણાવેલ કે રજીસ્ટ્રેશન નંબર વગરના સંગઠનો ઘણા હશે ત્યારે સરકાર માન્ય રજીસ્ટ્રેશન નંબર ધરાવતી અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતીમા વધુમા વધુ પત્રકારો જોડાય અને સંગઠનના હાથ મજબૂત કરવા એક આહવાન કરેલ હતુ.

# તાલાલા તાલુકા અને તાલાલા શહેરમાં આમ આદમી પાર્ટીના હોદ્દેદારોની વરણી



ચક્રવાત ટીમ, તા.૨૨

તાલાલા તાલુકા અને તાલાલા શહેરમાં આમ આદમી પાર્ટીના હોદ્દેદારોની વરણી કરવામાં આવી. જેમાં વડીલ મુરબ્બી ડી.બી.સોલંકીની તાલાલા તાલુકા પ્રમુખ પદે તેમજ તાલાલા શહેરના પ્રમુખ તરીકે ચંદ્રકાન્તભાઈ રસિકભાઈ રાજા તેમજ ઉપપ્રમુખ પદે પ્રવીણભાઈ બચુભાઈ ખેરની નિમણુંક કરવામાં આવી.

# ઝઘડીયા તાલુકાનાનાં જામોલી ગામે દિપડો પાંજરે પૂરાયો

ઝઘડીયાનાં જામોલી ગામે દિપડો પાંજરે પૂરાયેલા પરંતુ પાંજરાનું બારણુ ખુલી જતાં દિપડો પલાયન

ચક્રવાત ટીમ ઝઘડીયા, તા.૨૨

ઝઘડીયા તાલુકાના જામોલી ગામે દીપડાનો આતંક વધતા વન વિભાગ દ્વારા પાંજરૂ ગોઠવવામાં આવ્યું હતું. જેમાં દીપડો પાંજરે પણ પુરાયો હતો જો કે પાંજરૂ લોક ન થતાં અડધા ક્લાક સુધી પાંજરે પુરાયેલો દીપડો પલાયન થઈ ગયો હતો.

ઝઘડીયા વાલિયા અને નેત્રંગ પંથકના જંગલ વિસ્તારમાં મોટા પ્રમાણમાં દીપડા વસવાટ કરે છે



ત્યારે ઝઘડીયાના જામોલી ગામે દીપડાનો આંતક વધતાં વન વિભાગ દ્વારા પાંજરુ ગોઠવવામાં આવ્યું હતું. આ પાંજરામાં આજે સવારના સમયે દીપડો પુરાયો હતો. આ અંગેની જાણ વાયુ વેગે ગ્રામજનો ને થતાં તેઓ દોડી આવ્યા હતા અને દીપડાના ફોટા પણ પાડ્યા હતા પરંતુ ત્યારબાદ જે થયું તેનાથી લોકોના જીવ ટાળવે ચોંટી ગયા હતા. લગભગ અડધો કલાક સુધી દીપડો પાંજરામાં જ પુરાયેલો રહ્યો હતો જો કે પાંજરૂ લોક ન થતાં દીપડો લોકો વચ્ચેથી જ જંગલ વિસ્તારમાં પલાયન થઈ ગયો હતો. સદનસીબે દીપડાએ નજીકમાં ઉભેલા લોકો પર હુમલો કર્યો ન હતો. વન વિભાગ આ દિપડાને પકડવા માટે કમરકસી હતી. દિપડાને પકડવા માટે વન વિભાગ દ્વારા પુનઃઆજ સ્થળે પાંજરું ગોઠવી દીપડાને પકડવા કવાયત શરૂ કરવામાં આવી હતી.

ગાંગડા ગ્રામ પંચાયત તથા તલાટી દ્વારા લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર

# ઊનામાં વિકાસના કામોમાં ગેરરીતીનો આચર્યાનો આક્ષેપ

ચક્રવાત ટીમ ઊના, મુંબઈ, ૨૨

ઊનાના ગાંગડામાં પ્રજાના માટે થતાં વિકાસ કામોમાં ગ્રામ પંચાયત તેમજ તલાટી મંત્રી દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી લાખો રૂપિયાના મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોય જેની તપાસ કરવા નિષ્ઠાવાન અધિકારી દ્વારા કરવામાં આવે તો સાચિ હકીકતો બહાર આવે તેમ હોય આ બાબતે ગામના જાગૃત નાગરીક કનુભાઇ ધેલુભાઇ ગોહીલે ઉચ્ચકક્ષાએ રાજ્ય સચિવાલય ગાંધીનગરને લેખિત રજુઆત કરી કાર્યવાહી કરવા માંગણી કરી હતી.. વર્ષ ૨૦૧૬/૧૭ માં ૧૪ માં નાણાપંચની ગ્રાન્ટ પૈકી ૧,૨૨,૭૭,૩૪૬ અને ૧,૨૨,૭૭,૩૦૩ એક્ટીવીટી કોડથી ગામમાં સ્ટ્રીટ લાઇટ નાખવાની કામગીરી કરવાની હતી. તેમાં કુલ ૮ લાખ ફાળવી જે પૈકી માત્ર રૂ.૨.૫૦ લાખની કુલ ૧૦ સ્ટ્રીટ લાઇટ ખરીદી કરવામાં આવેલ છે. પરંતુ ગ્રા પં.ના રોજમેળમાં રૂ. ૮ લાખનો ખર્ચ બતાવી ગ્રામસભામાં ઠરાવ પણ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૭/૧૮ માં રૂ. ૮.૫૦ લાખની સ્ટ્રીટ લાઇટ માટે ખર્ચવામાં આવેલ હોય જે સરકારના જ મિુજબ કરેલ નથી. અને બીલ ક્વોટેશનોમાં પણ ન્યુનતમ ભાવપત્રક મુજબ ખરીદી કરેલ છે.વર્ષ ૨૦૧૬/૧૭માં ગામની પ્રા.શાળામાં પેવર બ્લોક લગાવવા રૂ. ૩ લાખની ગ્રાંન્ટ ફાળવવામાં આવેલ અને ગ્રામસભામાં ઠરાવ પણ કરવામાં આવેલ છે. પરંતુ આજદિન સુધી શાળામાં પેવર બ્લોક ફીટ કરાયેલ નથી. તેમજ સીતારામબાપુની મઢીએ પણ પેવર બ્લોક લગાવવા માટે રૂ.૧.૮૮ લાખનું ચુંકવણુ



કરેલ હોવા છતાં એ જગ્યા પર કોઇજ કામ થયેલ નથી તેમ છતાં પંચાયતે ખર્ચ પાડી સરકારની ગ્રાંન્ટ ચાંઉ કરી ગયેલ છે. વર્ષ ૨૦૧૬/૧૭માં મનરેગાની કામગીરીમાં પંચાયત દ્વારા મજુરોના નામે મસ્ટરો અવસાન પામેલ વ્યક્તિના નામે ખાતામાં પૈસા પણ જમા કરવામાં આવેલ અને કન્યાના લગ્ન થયેલ હોય તેમજ જે વ્યક્તિ જેલમાં હોવા છતાં તેમના નામ મજુરની યાદીમાં દર્શાવવામાં આવેલ છે. અંદાજીત ૪૫૦ મજુર હોવા છતાં કામગીરી દર્શાવી કુલ રૂ. ૨૭ લાખનું ચુકવણુ કરવામાં આવેલ પરંતુ માત્ર રૂ.૧૧ લાખનું કામ થયેલ છે. ગામમાં લગાવેલ ૮૦ એલઇડી લાઇટો જેની કુલ રૂ. ૪ લાખ જેટલી માર્કા વગરની બોગસ લાઇટો એસઓઆર મુજબ ખરીદી કરેલ નથી. જે અમુક જગ્યા પર લાઇટ બંધ હાલતમાં હોય તેમજ વધુ ૧૦ એલઇડીની કુલ કિ.૫૦ હજાર દર્શાવી ઉચાપત કરેલ છે. આ ઉપરાંત સીસી રોડ બનાવવા કુલ રૂ. ૩૦.૫૯ લાખની ગ્રાન્ટ ફાળવણી ગાંગડા ગ્રામ પંચાયતને કરવામાં આવેલ જે પૈકી માત્ર રૂ. ૬ થી ૭ લાખનું કામ થયેલ છે. બાકીના કામો માત્ર કાગળ પર દર્શાવી સરકાર સાથે મોટાપાયે છેતરપીંડી કરવામાં આવેલ છે. આ તમામ માહીતી માગેલ તેમાં હકીકતો બહાર આવેલ અને પુરી માહીતી પણ આપવામાં આવતી ન હોય આમ ગાંગડા ગ્રા.પંચાયત અને તલાટી દ્વારા વિકાસના વિવિધ કામોમાં ગેરરીતી કરી મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવેલ હોય તેમની માહીતી માંગવામાં આવે તો તેમના ઘરે જઇ ધાક ધમકી આપવામાં આવે છે.

# દિલીભાઇ મકવાણા Ph.D. થયા



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૨૨

જૂનાગઢનાં વતની અને ગીર સોમનાથ જિલ્લાના આલીદર ગામની માધ્યમિક શાળામાં ફરજ બજાવતા સંસ્કૃત વિષયના શિક્ષક ડૉ. દિલીપભાઇ અરજણભાઇ મકવાણા એ 'કાલિદાસીય કાવ્યોનું આલંકારિક ભાનુદત્તનાં વિચારોનાં પરિપ્રેક્ષ્યમાં અધ્યયન' વિષય પર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં શોધ નિબંધ રજૂ કરતા તેમને Ph.D. ની પદવી એનાયત કરી હતી.

# હડીયાણા પાસે તાલુકા વિકાસ અધિકારીનો ગમખ્વાર અકસ્માત



ચક્રવાત ટીમ હડિયાણા, તા.૨૨

જામનગરથી કંડલા તરફ જતા હડીયાણા ગામ પાસે કોઈ અજાણ્યા વાહનચાલકે જોડિયા તાલુકા પંચાયતના મદદનીશ તાલુકા વિકાસ અધિકારી રાજેશભાઈ ટીલાવતને જેવો બાઈકમાં પસાર થતા હતા ત્યારે ૧૦.૩૦ કલાકની આસપાસ બાઈકને ઠોકર મારતાં તેમને પગમાં ગંભીર પ્રકારની ઈજાઓ થવા પામેલ છે. તેમને ૧૦૮ માં જી.જી. હોસ્પિટલમાં લઈ જવામાં આવેલ છે. એકિસડન્ટના સમાચાર મળતાં જોડિયાના પૂર્વ તાલુકા વિકાસ અધિકારી જયંતીભાઈ સોરઠીયા અને જયસુખભાઈ હડીયાણાના સરપંચ અને તાલુકા પંચાયત સ્ટાફ દોડી ગયેલ હતા.

## મુંબઈમાં સિલિન્ડર બ્લાસ્ટ....



પવઈના મહાત્મા ફુલે નગરના જય હિન્દ મિત્ર મંડળ ચાલમાં સિલિન્ડર બ્લાસ્ટ થતાં સોનું નામનો યુવાન અને તેની પત્ની ઘાયલ થતાં સારવાર માટે રાજાવાડી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

# અબુંજા કંપનીની દાદાગીરી, ૩૭ કર્મચારીઓને જાણ વગર છુટ્ટા કર્યા

ચક્રવાત ટીમ પ્રાચી, તા.૨૨

ગીરસોમનાથ જિલ્લામાં આવેલી અંબુજા કંપનીના કોન્ટ્રાક્ટમાં કામ કરતા ૩૭ વર્કરોને જાણ કર્યા વગર નોકરી માંથી કાઢી મુકવામાં આવ્યા છે જેને લઈને વેરાવળ તાલુકાના રામપરા ગામે અંબુજા કંપની સામે આંદોલન ચાલુ કર્યુ છે, હાલ કોરોના મહામારીને કારણે અનેક ઘરોનો ચૂલા બંધ થઈ ગયા છે તેમાં અંબુજા કંપની દ્વારા ૩૭ વર્કરોને નોકરી માંથી હકાલ પટ્ટી કરતા તેમનું ઘર ચલાવવું મુશ્કેલ બની ગયું છે. અંબુજા સિમેન્ટની માઈનીંગ લીઝ આનંદપર, રામપરા અને ભેટાડી ગામમાં આવેલી છે જેમાં અંબુજા કંપની દ્વારા અહીંથી લાઈમસ્ટોન પરિવહન કરે છે, અંબુજા કંપની સિમેન્ટ બનાવવા માટે કંપનીમાં જાય છે અંબુજા કંપની દ્વારા લાઈમસ્ટોન



નું પરિવહન કરતાં વાહનોને રીપેરીંગ કોન્ટ્રાક્ટ સમીરા ઓટો મોબાઈલ્સને હાલ આપેલું છે, જે કોન્ટ્રાક્ટર ૩૭ વર્કરો કામ કરતા હતા જેઓ સ્થાનિક વર્કર છે તેઓને હાલમાં કોન્ટ્રાકટ દ્વારા કોઈ પણ જાતની જાણ કર્યા વગર છૂટા કરવામાં આવ્યા છે. આ વર્કરો છેલ્લા દસ વર્ષથી કંપની કામ કરે છે. ૩૭ વર્કરોને છૂટા કરવામાં આવેલા છે જેના કારણે ૩૭ વર્કરોની અને તેના પરિવારજનોને કોરોનાની મહામારી સ્થિતિમાં હતી કફોડી સ્થિતિ બની ગઈ છે, અંબુજા કંપની દ્વારા કંપનીના કોઈ અન્ય વર્કશોપ કે પ્લાન્ટમાં અથવા તો કંપનીના અન્ય ડિપાર્ટમેન્ટમાં છે ફરીથી નોકરી ઉપર રાખવા કર્મચારીઓ દ્વારા માંગ કરવામાં આવી છે હાલ છૂટા કરાયેલા ૩૭ વર્કરો રામ વેરાવળના રામપરા ગામે આંદોલન પર બેઠા છે અને તેઓ જિલ્લા કલેકટરને પણ આવેદનપત્ર પાઠવ્યું છે.

# મહીસાગર જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા ૩૨માં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણી



ચક્રવાત ટીમ મહીસાગર, તા.૨૨

મહીસાગર જિલ્લામા ૩૨મુ માર્ગ અને સલામતી સપ્તાહનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.માન.પોલીસ અધિક્ષક રાકેશ બારોટ સાહેબના માર્ગદર્શન હેઠળ મહીસાગર જિલ્લા ટ્રાફિક પોલીસ ઈન્સ્પેકટર એસ.એલ. કલાસવા સાહેબ તેમની ટીમ સાથે રાખી ૩૨માં રાષ્ટ્રીય માર્ગ ટ્રાફિક સપ્તાહની ઉજવણીમાં મહીસાગર જિલ્લા ખાતે બેનર્લ,પોસ્ટર, સ્ટીકર, તેમજ વાહનો ઉપર રેડીયમ પટ્ટી લગાવીને મહીસાગર જિલ્લાના ટ્રાફિક પોલીસ કર્મચારીઓ દ્વારા ૩૨ મું માર્ગ સલામતી સપ્તાહનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. મહીસાગર જિલ્લાના ટ્રાફિક પોલીસ કર્મચારીઓ દ્વારા ટુ વ્હીલર વાહન ચાલકોને ફરજીયાત હેલમેટ પહેરવુ.તેમજ ફોર વ્હીલર વાહન ચાલકોને ગાડીમા બેસો ત્યારે સીટ બેલ્ટ અવશય બાંધવો.તેમજ ચાલુ ગાડીએ ફોન પર વાત ન કરવી તેવી માહીતી ટ્રાફિક પોલીસના કર્મચારીઓ દ્વારા વાહનચાલકો આપવામાં આવી હતી.

# ઝઘડીયા જીઆઈડીસીની આરતી ઈન્ડસ્ટ્રીઝમાં થયો મોટો ધડાકો



ચક્રવાત ટીમ ઝઘડીયા, તા.૨૨

ધડાકામાં ત્રણ જેટલા કામદારો ઈજાગ્રસ્ત થયા હતા. આરતી ઈન્ડસ્ટ્રીઝમાં આવેલ નાઈટ્રિક એસિડ પ્લાન્ટમાં આજે સાંજના સમયે ત્રણ જેટલા કામદારો કામ કરતા હતા તે દરમ્યાન અચાનક પંપમાં બ્લાસ્ટ થતા ખૂબ મોટો ધડાકો થયો હતો. આ ધડાકા દરમ્યાન ત્રણ જેટલા કામદારો ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે ભરૂચની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. જેમાં જાગ્રસ્તોમાં દિલીપ પટેલ, દેવા રાઠવા તથા વધુ એક કામદાર ઈજાગ્રસ્ત થયા હોવાની માહિતી મળી હતી. તેઓની સારવાર હાલમાં ચાલી રહી છે.

# વાંકાનેર સરકારી હોસ્પિટલ ખાતે ૮૦ જેટલા આરોગ્ય કર્મચારીઓને કોરોના રસી અપાઇ



ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૨૨

વાંકાનેર સરકારી હોસ્પિટલ ખાતે આજે જીલ્લા આરોગ્ય તંત્ર દ્વારા કોરોના વોરિયર્સ એવા આરોગ્ય કર્મચારીઓ માટે કોરોના રસીકરણનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વાંકાનેર વિસ્તારના ૮૦ જેટલા આરોગ્ય અધિકારી/કર્મચારીઓને કોરોના રસી (વેક્સિન) આપવામાં આવી હતી. વાંકાનેર સરકારી હોસ્પિટલ ખાતે આજે મોરબી જિલ્લા આરોગ્ય અધિકારી ડો. કતીરા સાહેબની હાજરીમાં ફ્રન્ટ લાઇન કોરોના વોરિયર્સ એવા આરોગ્ય અધિકારી/કર્મચારીઓ માટે કોરોના રસીકરણનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં વાંકાનેર વિસ્તારના ૮૦ જેટલા આરોગ્ય અધિકારી/કર્મચારીઓને કોરોના રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. આ રસીકરણમાં દરેક અધિકારી- કર્મચારીએ રસપૂર્વક રસીકરણની પ્રક્રિયામાં ભાગ લઇ રસીકરણની પ્રક્રિયાને સફળતા પૂર્વક પાર પાડી હતી. આ સાથે જ રસી લીધા બાદ કોઇપણ અધિકારી/કર્મચારીઓને આડઅસર થયેલ ન હતી. વાંકાનેર સરકારી હોસ્પિટલ ખાતે આયોજિત આ રસીકરણ કાર્યક્રમમાં આરોગ્ય અધિકારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

# હિન્દુ યુવા સંગઠન સુત્રાપાડા દ્વારા લહજેહાદ મામલે મામલતદારને આવેદનપત્ર અપાયું



ચક્રવાત ટીમ સુત્રાપાડા, તા.૨૨

દિવસેને દિવસે વધતા લવ જેહાદ સંદર્ભ હિન્દુ યુવા સંગઠન સુત્રાપાડા દ્વારા આજરોજ મામલતદારને આવેદનપત્ર આપ્યું, અવાર નવાર હિન્દુ બહેન દીકરીઓને ફોસલાવી અને ધર્મ પરિવર્તન કરાવવામાં આવે છે આ સંદર્ભે હિન્દુ યુવા સંગઠન સુત્રાપાડા દ્વારા ગુજરાત સરકારને લવ જેહાદને ગંભીર સમજી યોગ્ય કાયદો ઘડવો અને આવાં લોકો પર કાયદેસર કાર્યવાહી જોઈએ તે માંગણી કરેલ છે.

### વન-ડેમાં ડેબ્યુ મેચમાં જ છ છગ્ગા મારીને સેન્ચ્યુરી ફટકારી સર્જ્યો રેકોર્ડ

# અફઘાન ઓપનર ગુરબાઝની રેકોર્ડ બ્રેકર ડેબ્યુ મેચ

નવી દિલ્હી,તા.૨૨

અફઘાનિસ્તાનની ટીમના ઓપનર બેટ્સમેન રહમાનુલ્લાહ ગુરબાઝે આયર્લેન્ડ વિરુદ્ધ પહેલી વનડેમાં ધમાકેદાર ઈનિંગ રમી ઈતિહાસ રચી દીધો છે. અબુધાબીના શેખ ઝાયદ સ્ટેડિયમમાં ગુરબાઝે આયર્લેન્ડ વિરુદ્ધ અફઘાનિસ્તાન તરફથી ડેબ્યુ કર્યું અને પોતાની પહેલી મેચમાં જ સેન્ચુરી ફટકારી. એટલું જ નહીં, વનડે ડેબ્યુમાં સેન્ચુરી ફટકારનાર સૌથી નાની વયનો વિકેટકીપર પણ બની ગયો છે. આ ઉપરાંત ગુરબાઝે માર્કે ચેપમેન અને માર્ટિન ગુપ્ટિલ જેવા ખેલાડીઓને પણ પાછળ છોડી અનેક રેકોર્ડ પોતાના નામે કર્યા છે. આ ઉપરાંત રહમાનુલ્લાહે વનડેમાં સૌથી વધુ સિક્સ ફટકારવાનો નવજોતસિંહ સિદ્ધુનો રેકોર્ડ પણ તોડ્યો છે.

ગુરબાઝે આયર્લેન્ડ વિરુદ્ધ પોતાની ટીમ તરફ ઓપનિંગ કર્યું અને ઘણી જ સારી ઈનિંગ રમી. ગુરબાઝે ૧૨૭ બોલનો સામનો કરતાં ૧૨૭ રન બનાવ્યા. તેણે પોતાની ઈનિંગમાં ૯ છગ્ગા અને ૮ ચોગ્ગા માર્યા અને તેની સ્ટ્રાઈક રેટ ૧૦૦ રહી. ગુરબાઝ અફઘાનિસ્તાન તરફથી વનડે ક્રિકેટમાં ડેબ્યુ કરતાં સૌથી મોટો સ્કોર બનાવનાર ઓપનર બેટ્સમેન પણ બની ગયો.



અફઘાનિસ્તાન તરફથી વનડે ક્રિકેટમાં ડેબ્યુ કરનાર ગુરબાઝની ઈનિંગ ઘણી જ ખાસ રહી. ગુરબાઝની ઈનિંગના જોરે અફઘાનિસ્તાને ૫૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવીને ૨૮૭ રનનો સ્કોર કર્યો. પોતાની આ ઈનિંગમાં ગુરબાઝે માર્ક ચેપમેન, માર્ટિન ગુપ્ટિલ, કોલિન ઈનગ્રામ, એન્ડી ફ્લાવર જેવા દિગ્ગજ બેટ્સમેનને પાછળ છોડ્યા. ગુરબાઝે આ ઈનિંગ પછી વનડે ક્રિકેટમાં ડેબ્યુ કરનાર ઓપનર બેટ્સમેન તરીકે બીજી સૌથી મોટી ઈનિંગ રમનાર ખેલાડી બની ગયો છે.

વનડે ક્રિકેટમાં ડેબ્યુ કરીને ઓપનર બેટ્સમેન તરીકે સૌથી મોટી ઈનિંગ રમવાનો રેકોર્ડ ડેસમન હેન્સના નામે હતો, જેણે ૧૯૭૮માં ૧૪૮ રનની ઈનિંગ રમી હતી. ત્યારે હવે આ યાદીમાં ગુરબાઝ પણ આવી ગયો છે. ગુરબાઝની પહેલા બીજા નંબરે હોંગકોંગનો માર્ક ચેપમેન હતો, જેણે વનડેમાં ડેબ્યુ મેચ ૨૦૧૫માં રમી હતી અને ૧૨૪ રનની ઈનિંગ ખેલી હતી. જોકે હવે ગુરબાઝે પહેલી મેચમાં ૧૨૭ રન ફટકારીને બીજા સ્થાને આવી ગયો છે, જ્યારે ચેપમેન ત્રીજા નંબર ખસી ગયો છે. રહમાનુલ્લાહ ગુરબાઝે વનડેમાં સેન્ચુરી ફટકારનાર બીજો સૌથી ઓછી ઉંમરનો ક્રિકેટર બની ગયો છે. રહમાનુલ્લાહે ગુરબાઝે ૧૯ વર્ષ ૫૪ દિવસમાં વનડે ડેબ્યુમાં સેન્ચુરી મારી છે.

# બિકેનનો રેકોર્ડ તોડતો રોનાલ્ડો : સૌથી વધુ ગોલ સાથે સૌથી આગળ નિકળ્યો

નવી દિલ્હી,તા.૨૨

પોર્ટુગલનો ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો દુનિયાનો હાઈએસ્ટ ગોલ સ્કોરર બની ગયો છે. ઈટાલીની ક્લબ યુવેન્ટસ તરફથી રમતા રોનાલ્ડોના નામે ૭૬૦ ગોલ થયા છે. તેણે ચેક રિપબ્લિકના જોસેફ બિકનનો ૭૫૯ ગોલનો રેકોર્ડ તોડ્યો છે. જોકે, ૩૫ વર્ષના રોનાલ્ડોને બિકેનનો રેકોર્ડ તોડવા તેમનાથી બમણાથી વધુ મેચ રમવી પડી. બિકેને ૪૯૫ મેચમાં ૭૫૯ ગોલ કર્યા હતા, રોનાલ્ડોએ ૧૦૩૭ મેચમાં ૭૬૦ ગોલ કર્યા. એટલે કે, બિકેને દરેક મેચમાં સરેરાશ ૧.૫૩ ગોલ કર્યા, જ્યારે રોનાલ્ડોએ પ્રતિ મેચ માત્ર ૦.૭૩ ગોલ કર્યા છે.



રોનાલ્ડોના ગોલની મદદથી યુવેન્ટસે સુપરકોપા ઈટાલિયાનામાં નેપોલીને ૨-૦થી હરાવી. રોનાલ્ડોએ ૬૪મી અને અલ્વારો મોરાતાએ ૯૦+૫મી મિનિટે ગોલ કર્યા. યુવેન્ટસે વિક્રમી ૮મી વખત આ ટાઈટલ જીત્યું છે. રોલાન્ડોનું યુવેન્ટસ તરફથી ચોથું ટાઈટલ છે. યુવેન્ટસના આન્દ્રે પિરલોનું મેનેજર તરીકે આ પ્રથમ ટાઈટલ છે.

# તારક મહેતામાં દયાબહેનને પરત લાવવા માટે ખાસ મિશન હાથ ધરાયું

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૧

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં દરેક કેરેક્ટર પોતપોતાની રીતે શાનદાર છે. પણ જેઠાલાલ અને દયાભાભીના કેરેક્ટરની વાત જ કાંઈક અલગ છે. જો કે લાંબા સમયથી ફેન્સ દયાબહેનને શોમાં જોવા માટે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. દયાભાભીનું પાત્ર ભજવનાર દિશા વાકાણી સપ્ટેમ્બર ૨૦૧૭થી શોમાં દેખાઈ નથી. તે સમયે તે મેટરનિટી લીવ પર ગઈ હતી. જે બાદથી તેની શોમાં વાપસી થઈ શકી નથી. પણ હજુ સુધી દિશાએ શોને છોડ્યો નથી. ૩ વર્ષ વીત્યા છતાં હજુ પણ દયાભાભી તારક મહેતામાં પરત ફર્યા નથી.

ફેન્સ પણ દયાભાભીની રાહ જોઈને બેઠાં છે. આ વચ્ચે જ દયાભાભીને લઈને એક મોટી ખબર સામે આવી છે. દયાબહેનને પરત લાવવા માટે તારક મહેતા દ્વારા ખાસ મિશન બનાવવામાં આવ્યું છે. શોમાં અંજલિ અને તારક વાત કરે છે અને આ દરમિયાન દયાબહેનની વાપસીનો ઉલ્લેખ પણ કરે છે. અંજલિ કહે છે ૨૦૨૧નો પહેલો દિવસ હંગામેદાર હતો. જેના પર તારક મહેતા કહે છે કે બહુ વધારે અને ઈશ્વરને પ્રાથના કે આવો હંગામો ફરીથી જોવા ન મળે. ૨૦૨૧ શાંતિથી પસાર થઈ જાય બસ. ગડા પરિવાર અને સમગ્ર ગોકુલધામ દયાભાભીને બહુ મિસ કરી રહ્યા છે.

# ૩૬ પર ઓલઆઉટ થયા ત્યારે ડ્રેસિંગ રૂમમાં એ વિષય પર કોઈ ચર્ચા જ થઈ નહોતી : હનુમા વિહારી

નવી દિલ્હી,તા.૨૨

ઓસ્ટ્રેલિયામાં પહેલી ટેસ્ટમાં ખરાબ રીતે હાર્યા બાદ અંતે ટીમ ઈન્ડિયાએ સિરીઝ કઈ રીતે જીતી? પર્ફોર્મન્સની પાછળ પ્રેરણા શું હતી? આવા સવાલ તમામના મનમાં છે. ઓસ્ટ્રેલિયાને તેના ઘરમાં માત આપનારી ટીમનો હિસ્સો રહેલા હનુમા વિહારીએ ઈન્ડિયાની વિનિંગ સિક્રેટ શેર કરી. તેમણે જણાવ્યું હતું કે એડિલેડમાં ભારત બીજી ઈનિંગમાં માત્ર ૩૬ રન પર ઓલઆઉટ થઈ ગયું હતું. તેમ છતાં ટીમે સિરીઝ ૨-૧થી પોતાના નામે કરી.



વેબસાઈટ ઈજીઁદ્ર ક્રિકઈન્ફોને આપેલા ઈન્ટરવ્યુમાં વિહારીએ કહ્યું કે ટીમના ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફે બીજી વખત ક્યારેય ૩૬ રન પર ઓલઆઉટ થવાની ચર્ચા કરી ન હતી. કોચ રવિ શાસ્ત્રીએ પહેલી મેચ પછી તમામ ખેલાડીઓને કહ્યું હતું કે એવું માનીને રમો કે આવું ક્યારેય થયું જ નથી. એવું પણ માનીને રમો કે આવું આગળ ક્યારેય ફરી થશે નહીં. એડિલેડને ભૂલી જાવ અને હવે સમજો કે સિરીઝ માત્ર ૩ ટેસ્ટની જ છે.

વિહારી સહિત તમામ ખેલાડીઓએ કોચની સલાહનો અમલ કર્યો અને અન્ય ત્રણ મેચમાંથી બેમાં જીત મેળવી. સાથે જ સિડની ટેસ્ટ ડ્રો કરાવી. વિહારી પોતે સિડનીમાં હીરો સાબિત થયો હતો. તેને ટીમ ઈન્ડિયાની બીજી ઈનિંગમાં ઈજાગ્રસ્ત હોવા છતાં ૨૮૬ મિનિટ પર ક્રિઝ પર ટકી રહ્યો. વિહારીએ તે ઈનિંગમાં ૧૬૧ બોલનો સામનો કર્યો અને ૨૩ રન બનાવીને નોટઆઉટ પેવેલિયન પરત ફર્યો. તે સાત નંબરે બેટિંગ કરવા આવેલા રવિચંદ્રન અશ્વિનની સાથે ૪૨.૪ ઓવર સુધી ટકી રહ્યાં અને ટીમને હારમાં થી બચાવ્યું.

# શ્રીલંકાનો ક્રિકેટર ટીમની મહિલા સાથે સેક્સ માણતો રંગે હાથ ઝડપાયો

(જી.એન.એસ.)કોલંબો,તા.૨૧

હાલમાં ઈંગ્લેન્ડની ક્રિકેટ ટીમ શ્રીલંકાના પ્રવાસે છે ત્યારે શ્રીલંકાની ક્રિકેટ ટીમ સેક્સ સ્કેન્ડલમાં ફસાઈ છે. શ્રીલંકા અને ઈંગ્લેન્ડ વચ્ચે પહેલી ટેસ્ટ રમાઈ રહી હતી ત્યારે શ્રીલંકાની ટીમનો એક યુવા ખેલાડી હોટલના રૂમમાં એક યુવતી સાથે સેક્સ માણતાં ઝડપાઈ ગયો હતો. આ યુવતી શ્રીલંકાની ટીમની એક અધિકારી છે. બંને શરીર સુખ માણવામાં વ્યસ્ત હતાં ત્યારે જ ટીમના અધિકારીઓને હોટલના સ્ટાફે જાણ કરી હતી. મેનેજર રૂમમાં પહોંચ્યા ત્યારે બંને રંગે હાથ ઝડપાઈ ગયાં હતાં. યુવતી સાથે સેક્સ માણતાં ઝડપાયેલો ક્રિકેટર પચ્ચીસ વર્ષની આસપાસ વયનો છે અને લંકાની ટીમમાં સ્થાન જમાવવા સંઘર્ષ કરી રહ્યો છે. ઈંગ્લેન્ડ સામેની પહેલી ટેસ્ટમાં શ્રીલંકાનો ૭ વિકેટે કારમો પરાજય થયો હતો. લંકાની ટીમ ઘરઆંગણે હારી જતાં આ વિવાદ મોટો થઈ ગયો છે. ઈંગ્લેન્ડ સામેની પહેલી ટેસ્ટમાં શ્રીલંકાની ટીમ માત્ર ૧૩૫ રનમાં ઓલઆઉટ થઈ હતી. લંકાના ચાર ક્રિકેટરો કંઈ ના બન્યું હોય એમ પત્તાં રમતા હોય એવો વીડિયો વાયરલ થતાં લોકોમાં આક્રોશ છે જ ત્યારે આ સેક્સ સ્કેન્ડલ બહાર આવતાં ક્રિકેટ ચાહકોમાં ભારે આક્રોશ છે. આ યુવતી પહેલાં પણ ઘણી વાર શ્રીલંકાના ક્રિકેટરો સાથે સેક્સ માણતાં ઝડપાઈ હતી.

# 'ગણપત'માં પિતાના મૃત્યુનો બદલો લેતો દેખાશે ટાઈગર



મુંબઈ,તા.૨૨

હાલમાં જ વધુ એક સિંગલ 'કેસેનોવા' રિલીઝ કરનારા ટાઈગર શ્રોફ હવે ફિલ્મોના શૂટ માટે તૈયાર છે. ફેબ્રુઆરીથી તે વિકાસ બહલની ફિલ્મ 'ગણપત' શરૂ કરી રહ્યા છે. અહીંયા પણ તે એક્શન અવતારમાં દેખાશે. ફિલ્મ સાથે જોડાયેલા સૂત્રોએ જણાવ્યું કે, 'અહીંયા તેનો રોલ તેના ફાઈટમાસ્ટર પિતાના મૃત્યુનો બદલો લેતો દેખાશે. ફાઈટમાસ્ટરને તેમના જ લોકો વિશ્વાસમાં લઈને મારી નાખે છે. બદલો લેવા માટે ટાઈગરનો રોલ દુશમનોને ખતમ કરે છે. વિકાસ બહલ આમાં ટિપિકલ એક્શનનો ટોન રાખી રહ્યા છે.'

ફિલ્મમાં ટાઈગર શ્રોફના એક્શનને સેન્ટરમાં રાખવામાં આવ્યું છે. તેની ઓપોઝિટ હિરોઈનના રોલ માટે નવા ફેસની શોધ થઈ રહી છે. ટાઈગરે ચાર દિવસ પહેલાં આ બાબતે ટ્રાયલ અને મીટિંગ શરૂ કરી દીધી છે. આશા છે કે ફેબ્રુઆરીમાં તે આનું શૂટિંગ શરૂ કરી દેશે. પછી માર્ચમાં અમુક ભાગનું શૂટિંગ કરવામાં આવશે. ટાઈગર વાળી ફિલ્મની સ્ટોરી બોલિવૂડના એક ફાઈટમાસ્ટરની જર્નીથી પ્રેરિત ગણાવવામાં આવી રહી છે. જોકે, તે ફાઈટમાસ્ટર કોણ છે તે સિક્રેટ રાખવામાં આવ્યું છે.

# શાખરૂખની ફિલ્મના સેટ પર થયો ઝગડો



મુંબઈ,તા.૨૨

નવેમ્બર, ૨૦૨૦માં શાહરુખ ખાન યશરાજ સ્ટૂડિયોની બહાર જોવા મળ્યો હતો. માનવામાં આવે છે કે 'પઠાન'માં તે આ જ લુકમાં જોવા મળશે. નવેમ્બર, ૨૦૨૦માં શાહરુખ ખાન યશરાજ સ્ટૂડિયોની બહાર જોવા મળ્યો હતો. માનવામાં આવે છે કે 'પઠાન'માં તે આ જ લુકમાં જોવા મળશે. શાહરુખ ખાનની ફિલ્મ 'પઠાન'ના સેટ પર એક આસિસ્ટન્ટ ડિરેક્ટરે ફિલ્મ ડિરેક્ટર સિદ્ધાર્થ આનંદને તમાચો મારી દીધો હતો. ફિલ્મના પ્રોડ્યૂસર આદિત્ય ચોપરાએ આ ઘટનાને ગંભીરતાથી લીધી છે. રિપોર્ટ પ્રમાણે, યશરાજ સ્ટૂડિયોની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. સેટ પર બનેલી આ ઘટનાના તપાસના આદેશ આપવામાં આવ્યા છે. વેબ પોર્ટલ સ્પોયબોયના અહેવાલ પ્રમાણે, આ પહેલાં સેટ પર ક્યારેય આવી ઘટના બની નથી. ખાસ કરીને શાહરુખ સ્ટારર ફિલ્મના સેટ પર તો આવું કંઈ જ બનતું નથી. આદિએ આ વાતને ગંભીરતાથી લીધી છે. તેણે તપાસના આદેશ પણ આપ્યા છે. પ્રોડ્યૂસર આદિત્ય તથા ડિરેક્ટર સિદ્ધાર્થ આનંદે 'સલામ નમસ્તે', 'તા રા રમ પમ', 'બચના એ હસીનો' તથા 'વૉર'માં સાથે કામ કર્યું છે. પ્રોડ્યૂસર આદિત્ય તથા ડિરેક્ટર સિદ્ધાર્થ આનંદે 'સલામ નમસ્તે', 'તા રા રમ પમ', 'બચના એ હસીનો' તથા 'વૉર'માં સાથે કામ કર્યું છે. અહેવાલમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે શાહરુખ સેટ પર મહિલાઓની સુરક્ષા અંગે વધુ ચિંતિત છે.

# ઉર્વશી રાઉતેલાએ સેક્સી કર્વ્સ ફ્લોન્ટ કરતા સોશિયલ મીડિયા પર મચી ધમાલ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૧

બોલિવૂડ અભિનેત્રી ઉર્વશી રાઉતેલા ગત દિવસોથી ફેન્સને પોતાની પોસ્ટ દ્વારા સરપ્રાઈઝ કરી રહી છે. ક્યારેક તે પોતાના માથા પર સિંદૂર પુરતી નજર આવી છે તો ક્યારેક પોતાના હોટ અદાઓનો જલવો દેખાડતા નજર આવી રહી છે. તાજેત્તરમાં જ તેમણે પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર વીડિયોઝ શેર કર્યા છે. જેમાં તે પોતાની સુંદરતાનો કહેર દેખાડી રહી છે. જેમાં ગુલાબી રંગના ડિઝાઈનર ડ્રેસમાં ઉર્વશીએ પોતાના સેક્સી કર્વ્સને ફ્લોન્ટ કરી રહી છે. આ વીડિયો સોશ્યલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. ઉર્વશીએ એક નહીં પરંતુ ૩ વિડિયોઝ શેર કર્યા છે. જેમાં ઉર્વશીના કર્વ્સ ૨૪ કલાકની અંદર ૭ લાખ લોકો જોઈ ચૂક્યા છે. અને હજારો યુઝર્સ કમેન્ટ્સમાં તેમના વખાણ કરી રહ્યા છે. ઉર્વશીએ ડ્રેસના મેચીંગ ઈયરરીંગ, ગોલ્ડ કંગન અને રીંગ કેરી કરી પોતાના દેખાવને આકર્ષક રૂપમાં સજાવ્યો છે. અરીસા સામે શૂટ કરવામાં આવેલ વીડિયોમાં ઉર્વશી હર્ટ મેલ્ટિંગ એક્સપ્રેશન આપી રહી છે. વીડિયો દ્વારા તે ફેન્સનો પ્રેમ મેળવી રહી છે. ઉર્વશીના વર્ક ફ્રન્ટની વાત કરવામાં આવે તો હાલ તે અપકમિંગ પ્રોજેક્ટ ઈન્સ્પેક્ટર અવિનાશમાં દેખાશે. ફિલ્મમાં અભિનેતા રણદીપ હુડ્ડાની અપોઝીટ નજર આવશે. આ એક બાયોપિક છે. જે પોલીસ અધિકારી અવિનાશ મિશ્રાના જીવનની વાસ્તવિક ઘટનાઓ પર આધારીત છે. ઈન્પેક્ટર અવિનાશ અંગે ઉર્વશીએ કહ્યું કે, હું રણદીપ હુડ્ડાના કિરદારની પત્ની પૂનમ મિશ્રાની ભૂમિકા નિભાવી રહી છું. બાયોપિક અભિનેતાઓ માટે એક મોટો પડકાર બની રહે છે. કારણ કે, તેમણે કાઈ પણ નહીં કરવાને બદલે સ્ક્રીન પર એક વાસ્તવિક વ્યક્તિના એક સંસ્કરણને ચિત્રીત કરવાનું હોય છે. આ ઉપરાંત ઉર્વશી મ્યૂઝિક વીડિયો એક લડકી ભીગી ભાગી સીમાં નજર આવશે. આ ગીતમાં તે મધુબાલાના કિરદારમાં જોવા મળશે. જણાવી દઈએ કે, આ ગીત ૬૦ના દશકની 'ચલતી કા નામ ગાડી'નું રિમેક હશે. આ મ્યૂઝિક વીડીયોમાં કામ કરવા અંગે ઉર્વશી વખાણ કરતી નથી થાકતી. ઉર્વશીએ તાજેત્તરમાં જ આ પ્રોજેક્ટ અંગે જણાવ્યું હતું. એક્ટ્રેસે જણાવ્યું કે, એસડી બર્મનનું આ બેસ્ટ ગીત છે. કિશોર કુમારજીએ આ ગીતમાં પોતાનો અવાજ આપ્યો છે. મધુબાલાજીનો ડાંસ હજી પણ બધાને યાદ છે. વીડિયોમાં ઉર્વશી ઈજિપ્તના અભિનેતા મોહમ્મદ રમજાન સાથે નજર આવશે.

# લગ્ન પ્રસંગો જો મેદાનમાં યોજાયા હશે તો મોટી સંખ્યામાં મહેમાનોને છૂટ : રૂપાણી

(જી.એન.એસ)ગાંધીનગર,તા.૨૨




મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સોશિયલ ડિસ્ટન્સ અને માસ્કના નિયમને લઈને મોટું નિવેદન આપ્યું હતું. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, લગ્નમાં ૧૦૦ લોકોને મંજૂરી છે. અન્ય ફંક્શનમાં જે હોલમાં કરવાના હોય, તેમાં સોશિયલ ડિસ્ટન્સ સાથે ૨૦૦ લોકોની મંજૂરી છે. તેમજ ખુલ્લામાં મંડપ નાંખીને કાર્યક્રમ કરવામાં આવે, એમાં કોઈ લિમિટ નથી. આ સાથે જ એવું કહી શકાય કે રાજ્યના લોકો જો ખુલ્લામાં મંડપ નાંખીને કોઈ પણ કાર્યક્રમ કરે તો તેમાં કોઈ મર્યાદા નહીં નડી.

સીએમ રૂપાણીએ કોરોના નિયમોને ભંગ ક્યારે કહેવાય તે વિશે વિગતવાર જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, કોઈ પણ કાર્યક્રમમાં સોશિયલ ડિસ્ટન્સનો ભંગ થતો હોય, માસ્ક ન પહેર્યું હોય તો ગાઈડ લાઈનનો ભંગ કહેવાય. આપણે માસ્ક માટે દંડ લઈએ છીએ. બીજો કોઈ દંડ લેતા નથી.

# હવે પૈસા સુરક્ષિત ક્યાં રાખવા?? વડોદરામાં બેંક લોકરમાં મુકેલ બે લાખથી વધુ રકમ ઉધઈ ખાઈ ગઈ

(જી.એન.એસ)વડોદરા,તા.૨૨



ઘરની તિજોરીથી પણ વધારે સુર બેંકનું લોકર છે તેમ માનીને એક મહિલાએ લાખો રૂપિયા મતા અંદર મૂકી રાખી હતી. જેથી ચોરી કે લૂંટની કોઈ ઘટના સમયે તેના પૈસા સુરક્ષિત રહી શકે. પરંતુ મહિલાએ સપનેય વિચાર્યું નહીં હોય કે તેની આ કમાણી ઉધઈના પેટનો કોળિયો બની જશે. વડોદરામાં એક સરકારી બેંકના લોકરમાં ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં બેંકના લોકરમાં મૂકેલી નોટો ઉધઈ કાતરી ગઈ હતી. વડોદરાના પ્રતાપનગર વિસ્તારમાં આવેલી એક સરકારી બેંકની બ્રાન્ચના લોકર રૂમમાં ઉધઈ પહોંચી ગઈ હતી. જેની જાણ બેંક કર્મચારીઓને જ નહોતી. એક મહિલા ખાતેદાર બેંકના લોકરમાં મુકેલા રોકડા રૂપિયા લેવા આવી ત્યારે આ વાતની ખબર પડી. પૈસાની જરૂર પડતા મહિલા ખાતેદાર બેંકમાં પહોંચી હતી. અહીં લોકરમાં ખોલીને જોતા અંદર મૂકેલા ૨ લાખથી વધારેની રોકડને ઉધઈ કાતરી ગઈ હોવાનું જોઈને તે દંગ રહી ગઈ હતી, જે બાદ બેંકમાં હોબાળો મચી ગયો હતો. મહિલાએ લોકરમાં રૂપિયા ૫, ૧૦, ૧૦૦ અને ૫૦૦ની ચલણી નોટો મૂકી હતી.

# લ્યો બોલો.... વડોદરામાં લોન લેવા ગયેલ યુવતીને પધરાવાયું મેરેજ સર્ટિ

(જી.એન.એસ)વડોદરા,તા.૨૨

ગુજરાતના વડોદરામાં એક મહિલાએ સ્કૂટરના ફાઈનાન્સ માટે કેટલાક ડૉક્યુમેન્ટ્સ એક વ્યક્તિને આપ્યા હતા, પરંતુ એક વર્ષ બાદ મહિલાને મોટો આંચકો લાગ્યો છે. મહિલાને જાણ થઈ કે, તેને લોન ડિસ્બર્સલ લેટરની જગ્યાએ એક મેરેજ સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. જેમાં સત્તાવાર રીતે વિજય નામના વ્યક્તિ સાથે તેના લગ્નનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, વડોદરાની મીના પરમામ નામની યુવતી ટ્રાન્સપોર્ટના ખર્ચમાંથી બચવા માટે સ્કૂટર લેવા ઈચ્છતી હતી. નવેમ્બર ૨૦૧૭માં મીના પરમારની મુલાકાત કરજણના વિજય પરમાર સાથે થઈ હતી. વિજયે મીનાને સ્કૂટર લેવા માટે લોન અપાવવાનું આશ્વાસન આપ્યું હતું. જો કે વિજય પરમારે મીનાના ઓછું ભણેલા હોવાનો ફાયદો ઉઠાવીને તેની સાથે લગ્નની નોંધણીના ડૉક્યુમેન્ટ પર સહી કરાવીને કહ્યું કે, આ વાહનની લોન માટેની અરજી છે. જો કે મીનાને આ વાતનો ખ્યાલ જ નહતો કે, તેણીએ જે કાગળ પર હસ્તાક્ષર કર્યા છે, તે લગ્નની નોંધણી માટેના હતા.

# રાજકોટ સિવિલને કલંકિત કરતો કિસ્સો : થેલેસેમિયાની સારવારમાં લોહી ચડાવ્યા બાદ દર્દીને થયો એચઆઈવી

(જી.એન.એસ)રાજકોટ,તા.૨૨

આજથી નવ વર્ષ પહેલા જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં સારવાર લેતાં ૨૩ થેલેસેમિયાગ્રસ્ત બાળકોને HIVનો ચેપ લાગી ગયો હતો. ત્યારે આ ઘટનાએ આખા દેશનું ધ્યાન પોતાના તરફ ખેંચ્યુ હતું ત્યારે વધુ એક ઘટનાએ ગુજરાતના તબીબી જગતને લાંછન લગાડતો કિસ્સો બન્યો છે હવે જૂનાગઢ બાદ રાજકોટમાં થેલેસેમિયાગ્રસ્ત બાળકને HIV ગ્રસ્ત બલ્ડ ચડાવી દેતા બાળક પોઝિટિવ થયા હોવાના આક્ષેપ થયો છે. આ અંગે કોંગ્રેસે કલેકટરને રાજુઆત કરવા પહોંચી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજકોટ ૧૪ વર્ષનો બાળક નાનપણથી થેલેસેમિયા પીડિત હતો અને તેને નાનપણથી જ સિવિલ હોસ્પિટલમાં બલ્ડ ચળાવવામાં આવતું હતું. આ બાળક HIV પોઝિટિવ નહતો પરંતુ છેલ્લા રિપોર્ટમાં HIV પોઝિટિવ આવતા બાળક પરિવાર સાથે કલેકટર ઓફિસ પોહચ્યા હતા.

રાજકોટમાં સિવિલ હોસ્પિટલમાં વધુ એક બેદરકારી સામે આવતા કોંગ્રેસના ડો.હેમાંગ વસાવડા સાહિતના આગેવાનો કલેકટર ઓફિસ પહોંચ્યા હતા અને હોસ્પિટલમાં અવારનવાર બેદરકારી સામે આવે છે પણ નક્કર કાર્યવાહી નથી કરવામાં આવતી ત્યારે હોસ્પિટલમાં ૭૦૦ જેટલા થેલેસેમિયા ગ્રસ્ત લોકોને બલ્ડ ચડાવવામાં આવે છે ત્યારે અન્ય લોકોને તો આ પ્રકારનું બલ્ડ તો ચડાવી દેવામાં નથી આવ્યું ને તેને લઈ તપાસની માંગણી કોંગ્રેસ પાર્ટીએ કરી હતી.

રાજકોટ હોસ્પિટલમાં અવારનવાર બેદરકરી સામે આવે છે ત્યારે હોસ્પિટલના સત્તાધીશો સામે કોઈજ કાર્યવાહી ન થતા કલેક્ટરને રજૂઆત કર્યા બાદ કડક કાર્યવાહી કરવા કોંગ્રેસે માંગ કરી હતી.

# માસ્ક ન પહેરવા બદલ દંડ ફટકારતા પોલીસને મહિલાએ આપી ખુલ્લી ધમકી

## મારૂ નામ સુનિતા ઝવેર છે, દંડ નહિ ભરું, જે થાય તે તોડી લો...

(જી.એન.એસ)અમદાવાદ,તા.૨૨

માસ્ક ના પહેરવા બદલ દંડ ફટકારતી વખતે પોલીસ સાથેના ઘર્ષણના અનેક બનાવ તાજેતરમાં સામે આવ્યા છે. ત્યારે આવો વધુ એક બનાવ અમદાવાદ શહેરના રખિયાલ વિસ્તારમાં જોવા મળ્યો છે.

એચ ડિવિજન ટ્રાફિક પોલીસ રખીયાલ કલન્દરી મસ્જિદ પાસે ફરજ પર હતો તે દરમિયાન અજીત મીલ ચાર રસ્તા તરફથી એક કાર ચાલક આવ્યો હતો. કારચાલકની બાજુમાં બેસેલી મહિલાને માસ્ક ન પહેર્યું હોવાથી પોલીસે તેને અટકાવીને માસ્ક ન પહેરવા બદલ રૂપિયા એક હજારના દંડ ભરવા માટે જાણ કરી હતી. જો કે મહિલાએ કહ્યું હતું કે મારું નામ સુનિતા ઝવેરી છે, જે પણ ફરિયાદ મારા વિરુદ્ધ કરવી હોય તે કરી લેજો પછી હું તારા વિરુદ્ધમાં કેવી લૂંટની ફરિયાદ દાખલ કરાવું છું. દંડ નહિ ભરું, જે થાય તે તોડી લો.

# ગાંધીનગર-અમદાવાદ વચ્ચે ૨૦ મુસાફરો સાથેની ૩૦ ઈલે. બસો દોડાવવામાં આવશે

(જી.એન.એસ)ગાંધીનગર,તા.૨૨



ગાંધીનગરથી અમદાવાદ વચ્ચે રોજના ઘણા લોકો અપડાઉન કરી રહ્યાં છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા હવે અમદાવાદ-ગાંધીનગર વચ્ચે ઈલેકટ્રીકબ સ દોડાવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેને લઈને રોજ મુસાફરી કરતા લોકોને ઘણી રાહત મળશે. ગાંધીનગરથી અમદાવાદ વચ્ચે ઈલેકટ્રીક બસ દોડાવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેને રાજ્ય સરકારે મંજૂરી આપી છે. હાલ ટ્રાયલ બેઝ પર ઈલેકટ્રીક બસ સેવા શરુ કરવામાં આવશે.

કોરોનાકાળ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગર-અમદાવાદમાં પ્રદૂષણ અટકાવવા આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બસમાં ૨૦ જેટલા મુસાફર મુસાફરી કરી શકશે. રાજ્ય સરકારે એપ્રિલ ૨૦૨૧માં ઈલેકટ્રીક બસ સેવા શરુ કરાશે, શરુઆતમાં ૩૦ જેટલી ઈલેકટ્રીક બસ દોડશે.

# પ્રજાસત્તાક દિને દિલ્હીમાં ગુજરાતના ટેબ્લો તરીકે 'મોઢેરાનું સૂર્યમંદિર'

## ટેબ્લો સાથે ૧૨ મહિલા કલાકારો ટિપ્પણી નૃત્ય પ્રસ્તુત કરશે

(જી.એન.એસ)ગાંધીનગર,તા.૨૨

નવી દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના ટેબ્લો તરીકે વિશ્વ પ્રસિદ્ધ મોઢેરાનું સૂર્યમંદિર રાજપથની શોભામાં અભિવૃદ્ધિ કરશે. ઉત્કૃષ્ટ શિલ્પ-સ્થાપત્ય અને સંસ્કૃતિના બેનમૂન સમન્વયસમા મોઢેરાના સૂર્યમંદિરની આબેહૂબ ઝલક ટેબ્લોમાં ઉજાગર કરવામાં આવી છે. લગભગ ૬૦ જેટલા કલાકારોએ ત્રણ મહિનાની મહેનતથી આ ટેબ્લોને સજાવ્યો છે. ટેબ્લોના મુખ્ય ટ્રેલર ભાગમાં વિશાળ સભામંડપ શોભાયમાન છે. જ્યારે ટ્રેક્ટર પાર્ટમાં કીર્તિતોરણ જેવા બે સ્તંભ દર્શાવવામાં આવ્યા છે. ટેબ્લો પર અગ્રણી શિલ્પકારોએ ફાઈબર કાસ્ટિંગથી સુર્યમંદિરનું હૂબહુ નિર્માણ કર્યું છે. પથ્થર જેવી પ્રતિકૃતિનું નિર્માણ કરવા માટે ધોલપુર સ્ટોન ટેક્ષ્ચર કલરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મોઢેરાના સૂર્યમંદિરના ટેબ્લો સાથે ૧૨ મહિલા કલાકારો ટિપ્પણી નૃત્ય પ્રસ્તુત કરશે.

# ભાવનગરમાં ભીષણ આગ : આંબાચોકમાં મીણનું ગોડાઉન સળગતા લાખોની મત્તા ખાક

(જી.એન.એસ)ભાવનગર,તા.૨૨



શહેરમાં મોડી રાત્રે ભયંકર આગ રહેણાંકી વિસ્તારમાં આવેલા ગોડાઉનમાં લાગી હતી. આંબાચોક વિસ્તારમાં લાગેલી ભયંકર આગને પગલે સમગ્ર ચીજો બળીને ખાખ થઈ ગઈ છે. ફાયર વિભાગ દ્વારા આગને ચાર કલાક બાદ કાબુમાં લેવામાં સફળતા મળી હતી.

ભાવનગરના આંબાચોક વિસ્તાર જૂનો ભાવનગરનો વિસ્તાર છે અને જૂની શેરીઓ અને ગલીઓ આવેલી છે. પરંતુ આંબાચોક શહેરની મુખ્ય બજારનો મધ્યનો ભાગ છે. ત્યારે આંબાચોકમાં આવેલી લીંબુ ગલીમાં આવેલા મીણના ગોડાઉનમાં ભયંકર આગ લાગી હતી. મોડી રાત્રે લાગેલી આગને પગલે ફાયર વિભાગ ઘટના સ્થળે દોડી ગયું હતું. ત્યારે આગ લાગવાથી બિલ્ડીંગની બાજુમાં આવેલ મકાનમાંથી એક વૃદ્ધ દંપતીને રેસ્ક્યુ કરીને બહાર કાઢવામાં આવ્યા હતા. આ સાથે ફાયર વિભાગે ૭ થી વધુ પાણીની ગાડીઓનો પાણીનો મારો ચલાવીને વહેલી સવારે આગને કાબુમાં લીધી હતી. આગ લાગવાને કારણે સમગ્ર બિલ્ડિંગમાં રહેલી ચીજવસ્તુ બાળીને ખાખ થઈ ગઈ છે.

# રાજકોટમાં બનેવીએ છરીના ઘા ઝીંકી સાળાની કરી નિર્મમ હત્યા

(જી.એન.એસ)રાજકોટ,તા.૨૨

વિગત એવી છે કે, રાજકોટમાં મોરબી રોડ જકાત નાકા પાસે આવેલા ૨૫ વારિયા ક્વાર્ટરમાં બનેવી અને સાળા વચ્ચે કોઈ બાબતે ઝઘડો થયો હતો. આ ઝઘડામાં ઉશ્કેરાયેલા બનેવીએ સાળાને છરીના ઘા માર્યા હતા. આથી સાળાને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું.

પોલીસ તપાસમાં મૃતકનું નામ ભાવેશ કાળુભાઈ ચણિયારા (ઉ. વ. ૨૨) છે. વ્યવસાયમાં તે રીક્ષા ચલાવતો હતો. અને ભાવેશ બનેવી મહેશ મનસુખભાઈ સદાદિયા સાથે જ રહેતો હતો. બનેવી મહેશ જ્યારે પોલીસ વધુ તપાસમાં કરતા આજે બપોર આસપાસ બંને સાળો-બનેવી વચ્ચે કોઈ વાતને લઈ ઝગડો થયો હતો, જેમાં મહેશે ભાવેશને છાતીમાં છરીના ઘા માર્યા હતા. લોહીલુહાણ હાલતમાં જ ભાવેશને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું. હત્યાનું મુખ્ય કારણ આરોપી ઝડપાયા બાદ હત્યા કરવા પાછળનું કારણ સામે આવશે.

# વાહનચાલકોને મોટી રાહત : બેકલોગની કામગીરી થઈ હવે ઓનલાઈન

(જી.એન.એસ)ગાંધીનગર,તા.૨૨

ફરી એકવાર રાજ્યના વાહનચાલકો માટે મોટા સમાચાર મળી રહ્યા છે. જો તમારી પાસે જૂનું લાયસન્સ હોય તો આ સમાચાર ખુબ જ મહત્વપૂર્ણ છે. જો તમારૂ લાયસન્સ વર્ષ ૨૦૧૦ પહેલા ઈસ્યુ થયુ હશે અને તમારે તેને રિન્યુ કરાવવુ હશે તો તમારે તેનુ બેકલોગ કરાવવુ પડશે. પહેલા રિન્યુ કરાવતા પહેલા બેકલોગ કરાવવા માટે અરજદારોએ ઈં સુધી ધક્કા ખાવા પડતા હતા. પરંતુ હવે તમામ પ્રક્રિયા ઓનલાઈન કરી દેવામા આવતા અરજદારોને રાહત થઈ છે.

અરજદારોને આસાની રહે તે માટે વાહન વ્યવહાર વિભાગ દ્વારા તમામ કામીગીરી ઓનલાઈન કરવામા આવી રહી છે, ત્યારે હવે બેકલોગની કામગીરી પણ ઓનલાઈન કરી દેવામાં આવી છે. અરજદારોનું લાયસન્સ જો ૨૦૧૦ પહેલા ઈસ્યુ થયુ હોય તેઓએ લાયસન્સ રિન્યુ કરાવવુ હોય અથવા તો ડુપ્લીકેટ કરાવવુ હોય તો તે માટે અરજદારે બેકલોગ કરાવવા માટે ઈં સુધી ધક્કા ખાવા પડતા હતા, કારણ કે ઈં પાસે ૨૦૧૦ પહેલાનો ડેટા ઓનલાઈન ઉપલબ્ધ નથી. ત્યારે હવે તેઓ ઘરે બેઠા જ લાયસન્સનુ બેકલોગ કરી શકે છે.

# ૩૦૦ કરોડનું ઓઈલ ચોરી કરનાર શખ્સ એટીએસના હાથે ઝડપાયો

(જી.એન.એસ)અમદાવાદ,તા.૨૨

દેશભરમાં ઓઈલચોરી કરતો કુખ્યાત હાલ ઝડપાયો છે. ગુજરાત છ્જીની ટીમે કુખ્યાતની ધરપકડ કરી છે. ગુજરાત છ્જીએ સંદીપ ગુપ્તા નામના શખ્સને મુંબઈથી ઝડપ્યો છે. જેણે વાંકાનેરમાં ઓઈલ ચોરીના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. સંદીપ ગુપ્તા નામના શખ્સે રૂપિયા ૩૦૦ કરોડન ઓઈલ ચોરીનો માસ્ટર માઈન્ટ ગણાતો હતો. આ શખ્સ ૨૦૧૪થી ફરાર હતો. કુખ્યાત સંદીપ ગુપ્તા હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતમાં ઓઈલચોરી કરવાનું મોટું નેટવર્ક ચલાવતો હતો. અગાઉ આ શખ્સને ૨૦૧૪માં રાજસ્થાન પોલીસે ઝડપ્યો હતો.

આ ઘટના વિશે જાણવા મળી રહ્યું છે કે, ૨૦૨૦માં વાંકાનેરમાં ઓઈલચોરીના નેટવર્કનો પર્દાફાશ થયો હતો. જેમાં સંદીપ ગુપ્તા મુખ્ય માસ્ટર માઈન્ડ હતો. પરંતુ તે વખતે પોલીસના હાથમાં આવ્યો હતો. ગત જુલાઈ મહિનામાં આ કેસમાં અન્ય ૩ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. મોરબી સ્પે ઓપરેશન ગ્રુપે એક રેડ કરી હતી, અને ૮.૨૬ લાખનો ૨૬ હજાર લીટર ઓઈલ ઝડપ્યું હતું.

# રાજકોટ : માધાપર ઓવરબ્રિજ નજીક અકસ્માતમાં દંપત્તિનું મોત

(જી.એન.એસ)રાજકોટ,તા.૨૨

રાજકોટ શહેરમાં એક સપ્તાહમાં પાંચ જેટલા અકસ્માતની ઘટનાઓ સામે આવી છે. ત્યારે પાંચ પૈકી અકસ્માતની ચાર ઘટનાઓમાં પાંચ વ્યક્તિઓના મૃત્યુ નિપજ્યા છે. જ્યારે કે ત્રણ વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ છે. ત્યારે ગુરૂવારની મોડી રાત્રે માધાપર ઓવરબ્રીજ નજીક અકસ્માતની ઘટના સામે આવી છે. જે અકસ્માતમાં દંપતીનું મોત નિપજ્યું છે. જ્યારે કે તેમના પુત્ર ને ગંભીર ઈજા પહોંચતા તેને રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. ગાંધીગ્રામ પોલીસ ના જણાવ્યા પ્રમાણે ગુરૂવારના રોજ મોડી રાત્રે સુંદરમ સિટી પાસે કાર અને મોપેડ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ત્યારે અકસ્માતમાં દિલીપભાઈ પોપટભાઈ વાળા તેમજ પત્ની હંસાબેન દિલીપભાઈ વાળા નું મોત નિપજ્યું છે. જ્યારે કે તેની સાથે રહેલા બાળકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ત્યારે સમગ્ર મામલે ગાંધીગ્રામ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. અગાઉ પણ રાજકોટ શહેરમાં હિટ એન્ડ રનમાં હૉસ્પિટલમાં કામ કરતી મહિલાનું મૃત્યુ થયું હતું.















Chakravt (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)